Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૭૭

## મંગલ આશીષ



**નૂતનવર્ષના નવલા પ્રભાતે ગુરુદેવના મંગલ આશીષ ઝીલીને આત્મહિતના અપૂર્વ કાર્યને આનંદથી સાધીએ.**


તંત્રી : જગજીવન બાવચંદ દોશી 卐 સંપાદક : બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૩, કારતક ( લવાજમ ત્રણ રૂપિયા ) વર્ષ ૨૪, અંક ૧

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# નુતન વર્ષના પ્રારંભે

આ નુતન વર્ષના મંગલ પ્રારંભે સૌથી પહેલાં પંચપરમેષ્ઠી ભગવંતોને, રત્નત્રયને આત્મસાધક સન્તોને અને જિનવાણી-માતાજીને પરમ ભક્તિપૂર્વક વંદના કરીએ છીએ.

નુતનવર્ષની સાથે આપણું આત્મધર્મ-માસિક પણ પૂ. ગુરુદેવની મંગલ છત્રછાયામાં ૨૩ વર્ષ પૂર્ણ કરીને ૨૪ મા વર્ષમાં પ્રવેશી રહ્યું છે. ગુરુદેવ આપણને જે આત્મહિતકારી બોધ આપી રહ્યા છે તે બોધ દૂરદૂરના જિજ્ઞાસુઓ સુધી પહોંચાડવામાં આત્મધર્મનો કેટલો ફાળો છે તે સૌ જાણે છે, એટલે જ સર્વે જિજ્ઞાસુઓએ 'આત્મધર્મ' ને પોતાનું જ સમજીને પ્રેમથી આદરપૂર્વક અપનાવ્યું છે. આત્મધર્મે હંમેશા પોતાના ઉચ્ચ આદર્શો ને ઉચ્ચ પ્રણાલી જાળવી રાખ્યાં છે. સન્તજનોના આશીષથી ને સાધર્મીઓના સહકારથી આત્મધર્મ હજી વધુ વિકસે એવી ભાવના છે.

ગતવર્ષની નવીનતામાં ખાસ કરીને ઋષભદેવ ભગવાનનું ચરિત્ર, વાંચકો સાથે વાતચીતનો વિભાગ અને બાલવિભાગ-એ ત્રણેમાં જિજ્ઞાસુઓનું વિશેષ આકર્ષણ રહ્યું. બાલવિભાગમાં આનંદપૂર્વક બે હજાર જેટલા બાળકો ( ખરેખર બાળકો જ નહિ પણ મોટા-નાના સૌ ) ઉત્સાહથી ભાગ લઈ રહ્યા છે, અને આ બાલવિભાગને લગતા ખર્ચનો ભાર પણ બાળકોએ જ ઉપાડી લીધો છે. એ વિશેષ સન્તોષની વાત છે. જૈનસમાજના બધા પત્રોમાં આત્મધર્મનું અને તેના બાલવિભાગનું સર્વોચ્ચ સ્થાન છે.


'આત્મધર્મ' નો ઉદ્દેશ-આત્માર્થીતાનું પોષણ, વાત્સલ્યનો વિસ્તાર અને દેવગુરુધર્મની સેવા; તેની સાથે હવે 'બાળકોમાં જૈનધર્મના સંસ્કારોનું સીંચન' એ ચોથી વાત પણ ઉમેરાય છે. પ્રેમભર્યા સહકાર બદલ સૌનો આભાર માનું છું.

મારા જીવનમાં પૂ. ગુરુદેવનો પરમ ઉપકાર છે. આજ ૨૪ વર્ષથી ગુરુદેવની અત્યંત નીકટ ચરણછાયામાં નિરંતર રહેવાના સુયોગથી ને તેમની કૃપાથી મારા જીવનમાં જે મહાન લાભ થયો છે, તથા તેમના પ્રવચનો ઝીલીને ગ્રંથારૂઢ કરવાનો જે સુયોગ મને મળ્યો છે તેને હું મારા જીવનનું મોટું સદ્‌ભાગ્ય સમજું છું. ને આ જ રીતે ગુરુદેવની સેવના કરતાં કરતાં આત્મહિતને સાધું એવી નુતનવર્ષના મંગલપ્રારંભે મારી પ્રાર્થના છે. તથા સમસ્ત સાધર્મીજનો પ્રત્યે પણ ધાર્મિક વાત્સલ્ય ભરેલા અભિનન્દનની સાથે સાથે એવી ભાવના ભાવું છું કે-

*હિલમિલ કર સબ બંધુ ચાલો..........આત્મધર્મ આરાધીએ......*
*દેવગુરુના આદર્શ લઈને..........જિનશાસન શોભાવીએ......*

-બ્ર. હ. જૈન

## સુખકી સકેલી હૈ અકેલી ઉદાસીનતા



હે ગુરુદેવ !

ઊંડાઊંડા અંતરમંથનથી આપની મુદ્રા ઉપર અધ્યાત્મ-ચિન્તનની કોઈ અનેરી ખુમારી દેખાઈ રહી છે, આત્મિક સ્વાધ્યાય-મનનથી રસબોળ આપનું જીવન છે, સ્વપ્નમાં પણ સાકરના મીઠામધુર અદ્‌ભુત ને આશ્ચર્યકારી જિનબિંબ દેખીને આપ પરમ પ્રસન્નતા અનુભવી રહ્યા છો, ને અમારા જેવા આત્માર્થી જીવોને સદાય આત્મબોધ આપીને કલ્યાણમાર્ગે દોરી રહ્યા છો...... નુતનવર્ષના મંગલપ્રભાતે પરમભક્તિપૂર્વક આપશ્રીને અભિવંદન કરીએ છીએ.

વાર્ષિક લવાજમ
ત્રણ રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વર્ષ ૨૩
અંક ૧
વીર સં. ૨૪૯૩
કારતક

# વીર માર્ગે જઈએ

મહાવીર ભગવાન મોક્ષ પામ્યા, એ વીરનિર્વાણનું ૨૪૯૩મું વર્ષ બેઠું. વીરનિર્વાણનું આ બેસતું વર્ષ કારતક સુદ એકમે નહિ પણ આસો વદ અમાસે બેઠું. ભગવાન એ દિવસે (પરોઢિયે) મોક્ષ પધાર્યા હતા.

જે દિવસે ભગવાન મોક્ષ પધાર્યા, ગૌતમગણધર તે જ દિવસે કેવળજ્ઞાન પામ્યા.

અને જે દિવસે ગણધરજી કેવળજ્ઞાન પામ્યા, સુધર્માચાર્ય તે જ દિવસે શ્રુતકેવળી થયા.

એટલે મોક્ષપદ, અરિહંતપદ ને શ્રુતકેવળીપદ ત્રણેનો ઉત્સવ એક જ દિવસે-આસો વદ અમાસે થયો. એ દિવસે આપણે ય એ ત્રણે પદની ભાવના ભાવીને જ્ઞાનદીપક પ્રગટાવીએ.. આત્માને દીપાવીએ...ને એ રીતે દીપાવલીપર્વ ઉજવીએ. આત્મામાં નવા નવા મંગલ ભાવો પ્રગટાવીને નવું વર્ષ બેસાડીએ...ને વીરમાર્ગે જઈએ. શ્રદ્ધા-જ્ઞાનના ઊજવળ દીપકોથી ધર્મીનું જીવન દીપી રહ્યું છે. એ શ્રદ્ધાદીપ ને જ્ઞાનજ્યોત પ્રગટાવવાની રીત ગુરુદેવ જેવા સન્તો આપણને દેખાડી રહ્યા છે...વીરપ્રભુ જે માર્ગે સિદ્ધપુરીમાં સીધાવ્યા તે માર્ગે પોતે જઈ રહ્યા છે ને આપણને ય સાથે આવવા કહે છે કે તમે પણ આ વીરમાર્ગે ચાલ્યા આવો.

**ચાલો, એ વીરમાર્ગપ્રકાશી સન્તોની સાથે સાથે આપણેય વીરમાર્ગે જઈએ.**

# મોહને છોડ.....ને.....આનંદિત થા

**સમયસારમાં આચાર્યદેવે અત્યંત કરુણાપૂર્વક આત્માનું સ્વરૂપ સમજાવીને મોહ છોડવાનો જોરદાર ઉપદેશ આપ્યો છે. તેના પ્રવચનમાંથી થોડોક નમુનો અહીં આપ્યો છે.**

ઉપયોગસ્વરૂપ આત્માને જે જાણતો નથી ને રાગાદિ પરભાવોરૂપે કે દેહાદિ જડરૂપે જ પોતાને અનુભવે છે તે અજ્ઞાની છે. એવા અપ્રતિબુદ્ધ–અજ્ઞાનીને આચાર્યદેવ કરુણા કરીને સમજાવે છે કે અરે જીવ! આવા અજ્ઞાનને તું છોડ, છોડ! આત્મા સદાય ઉપયોગસ્વરૂપ છે એમ તું આનંદથી જાણ. આ જડ–ચેતનની એકતાના મોહને હવે તો તું છોડ. આત્માનો રસિક થઈને તું જ્ઞાનનો સ્વાદ લે. રસિકજન તેને કહેવાય કે જેને જ્ઞાનમૂર્તિ આત્માનો અનુભવ જ રુચિકર લાગે છે. રાગની રુચિવાળો આત્માનો રસિક નથી.

અરે પ્રભુ! આત્માને જાણ્યા વગર અજ્ઞાનથી તેં ચારગતિના બહુ દુઃખો સહન કર્યા; પણ તે અજ્ઞાનભાવને છોડી શકાય છે તેથી સન્તો કહે છે કે તે અજ્ઞાનને હવે તો તું છોડ. સર્વજ્ઞદેવે આત્મા સદાય ઉપયોગસ્વરૂપી જ જોયો છે. એવા આત્માના અનુભવ વડે મોહ એક ક્ષણમાં તરત જ છૂટી જાય છે. માટે આત્માનો રસિયો થઈને તે મોહને તું તરત છોડ.

રસિકજનોને એટલે સમ્યગ્દ્રષ્ટિ જીવોને ચૈતન્યરસનો સ્વાદ અનુભવમાં આવ્યો છે, આત્માના આનંદનો સ્વાદ ચાખીને ધર્મીને તે જ રુચિકર થયો છે, બીજા ભાવોની રુચિ છૂટી ગઈ છે. અહો, ચૈતન્યના આનંદનો સ્વાદ અંદરમાં પ્રગટ છે તે જ ધર્મીને રુચિકર છે, તે જ પ્રિય છે. માટે હે જીવ! તને પણ જો આત્માના આનંદનો રસ હોય તો તું પણ આવા જ્ઞાનસ્વરૂપ આત્માને અનુભવમાં લે.

આચાર્યદેવ કરુણાથી કહે છે કે તું મોહને છોડીને આત્માના જ્ઞાનરસનો આસ્વાદ લે. સામા જીવમાં મોહને છોડવાની લાયકાત દેખી છે, મોહને છોડવાની પાત્રતાવાળો જીવ સામે ઊભો છે તેને સંબોધીને આચાર્યદેવ કહે છે કે હે જીવ! તું મોહને છોડ. આચાર્યદેવનો ઉપદેશ નિષ્ફળ નથી એટલે કે ઉપદેશ ઝીલીને સામે મોહને છોડનારા જીવો છે.

ભાઈ, આત્મા અને અનાત્મા કદી એકમેક થયા નથી; જીવ અને શરીર કદી એકમેક થયા નથી; ચૈતન્ય અને રાગ કદી એકમેક થયા નથી; સદાય જુદા જ છે.–પણ તેં ભ્રમથી એકપણું માન્યું હતું તે હવે તું છોડ; ને આનંદિત થઈને જડથી ભિન્ન, રાગથી ભિન્ન, તારા ચૈતન્યતત્ત્વને અનુભવમાં લે. તને એમ થશે કે અહો! મારો આ આત્મા તો સદાય જ્ઞાનસ્વરૂપ જ રહ્યો છે. તેનો એક અંશ પણ જડ સાથે કે અનાત્મા સાથે તદ્રૂપ થયો નથી.–આવા આત્માને દેખીને તું પ્રસન્ન થા, આનંદિત થા.

ઉપયોગ સાથે તારા આત્માને સદાય એકતા છે, પણ અનાત્મા સાથે ( જડ સાથે કે રાગાદિ સાથે ) તારા આત્માને એકતા કદી નથી. માટે જ્ઞાનરૂપ થઈને જ્ઞાનનો સ્વાદ લે. ભાઈ, જ્ઞાનના સ્વાદમાં આનંદ છે; રાગમાં તો આકુળતાનો સ્વાદ છે, ને જ્ઞાનના વેદનમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ છે. આવા ચૈતન્યરસનો સ્વાદ તું લે. રાગાદિ પરભાવોમાંથી બહાર કાઢીને તારું શુદ્ધ ચૈતન્યતત્ત્વ અમે તને દેખાડયું, હવે આનંદિત થઈને તું તારા આવા તત્ત્વને અનુભવમાં લે...ને રાગ સાથે એકતાના મોહને છોડ.

ભાઈ, તું અંદર જોતો નથી એટલે તારું ચેતનસ્વરૂપ તને દેખાતું નથી, ને બહારના ભાવો તને તારા લાગે છે.–પણ એ તો મોહ છે. એ બહારના અસ્વભાવ ભાવો ( સ્વભાવથી ભિન્ન ભાવો ) તે તો સંયોગરૂપ છે, ને વેગપૂર્વક વહી રહ્યા છે, ક્ષણેક્ષણે તે આવે છે ને ચાલ્યા જાય છે. તારું ચૈતન્યસ્વરૂપ તો એમ ને એમ ટકી રહ્યું છે.–આવા ઉપયોગસ્વરૂપે તું તારા આત્માને જો.

રાગના રંગે રંગાઈ ગયેલા જીવને સ્ફટિક જેવું પોતાનું સ્વચ્છ ઉપયોગસ્વરૂપ દેખાતું નથી, જાણે આખો આત્મા જ રાગથી રંગાઈ ગયો હોય–એમ એને લાગે છે. બાપુ, એ રાગના રંગ તો ઉપર–ઉપરના છે, એ કાંઈ તારા ચૈતન્યસ્વરૂપમાં પેસી ગયા નથી. જેમ પ્રકાશ અને અંધકાર ભિન્ન છે તેમ ઉપયોગપ્રકાશ અને રાગઅંધકાર ભિન્ન છે, તેમને એકપણું કદી નથી. માટે આવા ભેદજ્ઞાન વડે અત્યંત પ્રસન્ન થઈને તું સ્વદ્રવ્યને અનુભવમાં લે.

આચાર્યદેવ કહે છે કે વિકારને જ આત્મા તરીકે જે અનુભવે છે તે દુરાત્મા છે, આત્માના પવિત્ર સ્વભાવનો તે ઘાત કરે છે, જ્ઞાનના મીઠા–અનાકુળ–શાંત સ્વાદને વિકાર સાથે ભેળવીને તે આકુળસ્વાદને જ અનુભવે છે. અરે મૂઢ! તારી જ્ઞાનજ્યોતિ ક્યાં ગઈ? તું પરમ વિવેક કરીને જ્ઞાનને અને રાગને ભિન્ન જાણ; જ્ઞાનના સ્વાદને જ તારો સ્વાદ જાણ. આનંદમય થઈને ‘જ્ઞાનસ્વરૂપ જ હું છું’ એમ તું અનુભવ કર.

આત્મા તો ઉપયોગસ્વરૂપ છે ને રાગાદિ તો અનુપયોગ છે, તે બંનેને એકતા હોઈ શકે નહિ. અજ્ઞાની દેહની ક્રિયામાં આત્માનું અસ્તિત્વ સ્વીકારે છે, એટલે કે પુદ્‌ગલ–

દ્રવ્યપણે જ પોતાને અનુભવે છે, તે અનુભવ મિથ્યા છે, ખોટો છે, દુઃખદાયી છે. વળી જ્ઞાનને ભૂલીને, રાગના અસ્તિત્વમાં જ આત્માનું અસ્તિત્વ અજ્ઞાની માને છે, તે આત્માના સાચા અસ્તિત્વને હણી નાંખે છે. અહા, પુદ્ગલથી ને રાગથી ભિન્ન જ્ઞાનમાત્ર ભાવથી ભરેલો આત્મા, તેને જાણે તો પરમ આનંદ થાય; વિવેક જાગે ને અજ્ઞાન ભાગે.

અરે અજ્ઞાની! તું આત્માને પુદ્ગલ સાથે એકમેક માની રહ્યો છે. પણ અમે સર્વજ્ઞનો આધાર લઈને કહીએ છીએ કે–સર્વજ્ઞદેવના જ્ઞાનમાં તો આત્મા સદા ઉપયોગસ્વરૂપ છે–એમ આવ્યું છે. ભગવાને જેને નિત્ય–ઉપયોગસ્વરૂપ દેખ્યો તે આત્મા પુદ્ગલમય ક્યાંથી થઈ ગયો કે પુદ્ગલ એનું હોય? ભાઈ! આત્મા અને પુદ્ગલ એકમેક કદી થયા નથી, સદા જુદા જ છે. અત્યારે પણ જુદા જ છે.–એમ જાણીને તું આનંદિત થા, પ્રસન્ન થા, અને પુદ્ગલથી ભિન્ન આ ચૈતન્યદ્રવ્ય જ હું છું એમ સાવધાન થઈને અનુભવ કર...ઉજ્વળ ચિત્ત કરીને આવો અનુભવ કર. વિકાર તે હું –એમ માનવું તેમાં ચિત્તની ઉજવળતા નથી પણ મલિનતા છે, તારા ચિત્તને ઉજવળ કરીને, એટલે જ્ઞાનને રાગથી પૃથક્ કરીને, ચિદાનંદસ્વરૂપે આત્માને અનુભવમાં લે –એવા અનુભવથી તને આનંદ થશે...મોક્ષના આનંદનો નમુનો તારામાં જ તને દેખાશે.

અરે, અમે તને આવું સ્પષ્ટ ભેદજ્ઞાન કરાવીને જુદો આત્મા સ્પષ્ટ બતાવ્યો, તો હવે સ્વ–પરની એકતાના મોહને તું છોડ રે છોડ! ચૈતન્યના આનંદનું ચૂરમું છોડીને વિકારના ખડને ખાવાની ટેવ તું છોડ; તારા આનંદના ચૂરમાનો સ્વાદ લે. વિકાર તો અનાત્મા છે, એમાંથી કાંઈ આત્માનો સ્વાદ નહિ આવે, માટે એનાથી ભિન્ન આત્માને જ્ઞાનસ્વરૂપે અનુભવમાં લે,–તે અનુભવમાં આત્માના આનંદનો સ્વાદ આવશે.

તારે તારા ચૈતન્યનું સાચું જીવન જીવવું હોય તો આ અજ્ઞાનને હવે તું છોડ...ભાઈ છોડ! સર્વજ્ઞ ભગવાને ઉપયોગલક્ષણરૂપ જીવ જેવો કહ્યો તેવો તું લક્ષમાં લે. આત્માને ઉપયોગસ્વરૂપે દેખતાં તને અતિ પ્રસન્નતા થશે, તારા પરિણામમાં વીતરાગી ઉજ્વળતા પ્રગટ થશે. માટે આવો અનુભવ કરીને મોહને છોડ ને આનન્દિત થા.

જય જિનેન્દ્ર

**આત્મધર્મના આસો માસના ગતાંકમાં નં. ૨૭૫ છાપેલ છે તેને બદલે નં. ૨૭૬ સમજવો. (અંક નં. ૨૬૬ ને ૨૬૭ ભેગા પ્રગટ થયા છે એટલે ફાઈલ માટે ૨૬૭ નંબરનો જુદો અંક શોધવો નહિ.)**

# પ્રતાપવંતી પ્રભુતા

**પ્રભુત્વશક્તિના પ્રવચનની પ્રસાદી અહીં આપી છે.
દીવાળીની બોણીમાં, ગુરુદેવે આપેલી આ પ્રભુતા સૌને ગમશે.**

જ્ઞાનમાત્ર આત્મા અખંડિત પ્રતાપવાળી સ્વતંત્રતાથી શોભે છે–એવી તેની પ્રભુતા છે. જ્ઞાનસ્વરૂપ આત્માને ઓળખતાં આવી પ્રભુતાનું પણ ભેગું ભાન થાય છે. આત્માની પ્રભુતા એવી છે કે તેને કોઈ તોડી શકે નહિ, કે પરાધીન બનાવી શકે નહિ. આવી પ્રભુતાના ભાનવડે પર્યાયમાં પ્રભુતા પ્રગટે છે.

જગતમાં રાજા–મહારાજાનો પ્રતાપ તો એનાથી મોટા બીજા રાજાવડે ખંડિત થઈ જાય છે; જુઓને, ભરતચક્રવર્તી જેવાનો પ્રતાપ પણ બાહુબલિ વડે ખંડિત થઈ ગયો; એ તો પુણ્યનો પ્રતાપ છે, એ કાંઈ અખંડિત પ્રતાપ નથી. આ ચૈતન્યરાજા અનંતગુણનો ચક્રવર્તી, તેનો પ્રતાપ કોઈથી ખંડિત થાય નહિ, તેની સ્વતંત્રતાને કોઈ લૂંટી શકે નહિ. આવી અનંતગુણની પ્રભુતા–શોભા આત્મામાં ભરી છે. એક પ્રભુત્વગુણે સર્વ ગુણોમાં પ્રભુતા આપી છે. એટલે બધા ગુણો અખંડિત પ્રતાપવાળી સ્વતંત્રતાથી શોભી રહ્યા છે. રાગવડે ગુણની પ્રભુતા ખંડિત થતી નથી પણ ગુણની નિર્મળ પર્યાય પ્રગટ કરીને રાગને ખંડખંડ કરી નાંખે એવી દરેક ગુણમાં તાકાત છે. પ્રભુત્વને લીધે આત્માના સર્વ ગુણોમાં પ્રભુતા છે, ને તેના પરિણમનમાં રાગનો અભાવ છે. એનો અભાવ જ છે પછી તે આત્માની પ્રભુતાને ખંડિત કરે એ વાત ક્યાં રહી?

જુઓ, આ આત્માની પ્રભુતા! અહા, આત્મામાં પ્રભુતા ભરી છે તેનું અનંત માહાત્મ્ય છે. આવા આત્મામાં દ્રષ્ટિ કરતાં પર્યાયમાં પ્રભુતા પ્રગટે છે. દુનિયામાં એવો કોઈ દુશ્મન નથી કે જે આત્માની પ્રભુતાને તોડી શકે. સાતમી નરકના જીવને પોતાની પ્રભુતાના અવલંબને જે સમ્યગ્દર્શન પ્રગટયું છે, ત્યાંની અનંતી પ્રતિકૂળતામાં એવી તાકાત નથી કે સમ્યગ્દર્શનની જે પ્રભુતા પ્રગટી છે તેને તોડી શકે, દરેક ગુણની નિર્મળપર્યાયમાં પ્રભુતા છે, એટલે કે પોતાથી સ્વતંત્રપણે તે શોભે છે. કોઈ સંયોગને લીધે તેની શોભા છે કે રાગને લીધે તેની શોભા છે–એમ નથી. જ્ઞાનની પ્રભુતામાં જ્ઞાનાવરણકર્મનો અભાવ છે, તેની પ્રભુતાને જ્ઞાનાવરણકર્મ હણી શકે નહિ.

સિદ્ધપ્રભુ લોકાગ્રે નિજસ્વરૂપમાં બિરાજે છે, તેઓ જ્યાં સ્થિર રહ્યા છે ત્યાં પોતાની સ્વતંત્ર પ્રભુતાથી જ રહ્યા છે,–નહિ કે ઉપર ધર્માસ્તિકાયનો અભાવ હોવાને લીધે પરાધીનપણે ત્યાં અટકી જવું પડયું. અરે, સિદ્ધપ્રભુમાં પણ જેને પરાધીનતા દેખાય તે જીવ આત્માની સ્વતંત્ર પ્રભુતાને કઈ રીતે પ્રતીતમાં લેશે? બાપુ! આત્માની પ્રભુતાના સ્વતંત્ર પ્રતાપને કોઈ હણી શકતું નથી. દ્રવ્ય–ગુણ કે પર્યાય ત્રણેમાં આવી પ્રભુતા છે.

કોઈ કહે કે જ્ઞાન કેમ નથી ઊઘડતું? તો કહે છે કે તું તારી પ્રભુતાને સંભાળતો નથી માટે; સર્વજ્ઞતા પ્રગટે એવી પ્રભુતા તારામાં ભરી છે પણ તું તેની સન્મુખ થા તો પર્યાયમાં તે પ્રગટે. પ્રભુતાથી વિમુખ થયો એટલે પર્યાયમાં પામરતા થઈ. છતાં શક્તિમાં તો પ્રભુતા ભરી જ છે. પામરતા સેવીને તારી પ્રભુતાને તેં સંતાડી રાખી છે. પ્રભુતાને પ્રતીતમાં લઈને તેનું સેવન કર તો પર્યાયમાં સર્વજ્ઞતારૂપ પ્રભુતા ઊઘડી જાય, ને તારો આત્મા અખંડ પ્રતાપવાળી સ્વતંત્રતાથી શોભી ઊઠે.

જ્ઞાનસ્વરૂપ આત્મા અનંતગુણથી ભરેલો છે. તે સ્વરૂપની અનુભૂતિમાં અનંત ગુણોનો સ્વાદ ભેગો છે. આ રીતે જ્ઞાન સાથે અવિનાભૂત અનંત ગુણ–પર્યાયોનો જે સમૂહ છે તેવડો આત્મા છે. આત્મા પોતાના અનંત ગુણ–પર્યાયોમાં વ્યાપક છે તેને બદલે પરમાં વ્યાપક માને છે એટલે તે અનુભવમાં આવતો નથી. પરથી આત્મા ભિન્ન છે પણ તેને જાણનારું જે જ્ઞાન છે તેનાથી અભિન્ન છે. જ્ઞાન અને તેની સાથેના આનંદ–પ્રભુતા વગેરે અનંત ગુણોમાં આત્મા અભિન્ન છે. આવા આત્મા ઉપર નજર નાંખતા પરમ ચૈતન્યનિધાન એક ક્ષણમાં પ્રગટે છે. અહા, આવું ચૈતન્યનિધાન પોતાની જ પાસે છે પણ જગત તેને બહારમાં શોધે છે.–જાણે કે રાગમાંથી મારા ગુણનું નિધાન પ્રગટશે? પણ ભાઈ, તારા નિધાન રાગમાં નથી, ચૈતન્યમાં તારા નિધાન ભર્યાં છે. તારા નિધાનનું માહાત્મ્ય કરીને તેમાં નજર કર. બધાને જાણનારો પોતે પોતાનું માહાત્મ્ય ભૂલીને, રાગને અને પરને માહાત્મ્ય આપે છે કે, આ પદાર્થ સારાં; –પણ એને જાણનારું પોતાનું જ્ઞાન સારૂં છે–એમ અનુભવમાં નથી લેતો, એને ખબર નથી કે હું તો જ્ઞાન છું, ને આ રાગાદિ ભાવો તો ચેતન વગરના છે, તેમનામાં સ્વ–પરને જાણવાનો સ્વભાવ નથી. પોતાના જ્ઞાનસ્વભાવથી છૂટીને અજ્ઞાની ‘પર મારાં, રાગ હું’ એમ અનુભવે છે. ભાઈ, પરદ્રવ્ય શરીરાદિ કાંઈ તારા જ્ઞાનમાં વળગ્યા નથી, છૂટા જ છે, પણ ‘આ મારાં’ એવી ભ્રમણા કરીને તું તેને વળગે છે–મમતા કરે છે, તેથી પરિભ્રમણ ને દુઃખ છે. તારી અનંતગુણની પ્રભુતાને જાણ તો એ પરિભ્રમણ ને દુઃખ મટે.

આત્મા ચૈતન્યસ્વભાવી સૂર્ય છે; તેના નિધાન કેવાં? તેનાં ગુણોનું સામર્થ્ય કેટલું? તેનું ક્ષેત્ર કેટલું? સંખ્યા કેટલી? એનું ખરું કાર્ય શું? –એનો વિચાર જીવે કદી

યથાર્થરૂપે કર્યો નથી. અહીં અનંતગુણનિધાન બતાવીને આચાર્યદેવ કહે છે કે–ભાઈ જો તારે શાંતિ ને આનંદનો અનુભવ જોઈતો હોય તો, ને સ્વતંત્ર સુખનો રાહ–પંથ જોઈતો હોય તો, જ્ઞાનવડે જાણનારને જાણ. બહારમાં જે દેખાય છે તે તું નથી, જે દેખનારો છે તે તું છો. તારે લઈને રાગ કે શરીર નથી, તારે લઈને તો જ્ઞાન છે, એટલે કે જ્ઞાન જ તારું કાર્ય છે.

આત્મા જાણનાર છે છતાં પોતે પોતાને કેમ નથી જાણતો? જ્ઞાનને સ્વસન્મુખ કરતો નથી તેથી આત્મા જણાતો નથી. અનંત શક્તિનો પરમેશ્વર છે તો પોતે જ, પણ પોતે પોતાને ભૂલી ગયો છે. ૩૮ મી ગાથામાં કહ્યું હતું કે–જેમ કોઈ મૂઠીમાં રાખેલા સુવર્ણને ભૂલી ગયો હોય ને બહાર શોધતો હોય, તે ફરી યાદ કરીને સુવર્ણને પોતાની મૂઠીમાં જ દેખે કે અરે, આ રહ્યું સોનું, મારી મૂઠીમાં જ છે! તેમ અનાદિ અજ્ઞાનથી જીવ પોતાના પરમેશ્વર–આત્માને ભૂલી ગયો હતો, પણ શ્રી ગુરુના વીતરાગી ઉપદેશથી વારંવાર સમજાવવામાં આવતાં તેને પોતાની પ્રભુતાનું ભાન થયું, સાવધાન થઈને પોતામાં જ પોતાની પ્રભુતાને જાણી કે અહો, અનંતશક્તિની પરમેશ્વરતા તો મારામાં જ છે, મારામાં જ મારી પ્રભુતા છે; પરદ્રવ્ય અંશમાત્ર મારું નથી, મારા ભિન્ન સ્વરૂપના અનુભવથી હું પ્રતાપવંત છું,–આમ પોતાની પ્રભુતાને જાણી, તેનું શ્રદ્ધાન કરીને તથા તેમાં તન્મયપણે લીન થઈને સમ્યક્ પ્રકારે આત્મારામ થયો.....પોતે પોતાને અનંતશક્તિસંપન્ન જ્ઞાયકસ્વભાવરૂપે અનુભવતો થકો પ્રસિદ્ધ થયો. મોહનો નાશ થઈને જ્ઞાનપ્રકાશ પ્રગટ થયો.

જુઓ, આનું નામ જ્ઞાનદશા; આનું નામ અનુભવદશા; આવી દશા થતાં પોતાને પોતાનો અનુભવ થાય ને પોતાને તેના આનંદની ખબર પડે. અહા! પરમેશ્વરના જ્યાં ભેટા થયા–એ દશાની શી વાત! જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા પ્રગટ થયો– તે કહે છે કે અહો, બધા જીવો આવા આત્માને અનુભવો; બધા જીવો આત્માના શાંતરસમાં મગ્ન થાઓ. શાંતરસનો સમુદ્ર પોતામાં ઉલ્લસ્યો છે, ત્યાં કહે છે કે બધાય જીવો આ શાંતરસના દરિયામાં તરબોળ થાઓ.

જુઓ, તો ખરા, સન્તોને આત્માની પ્રભુતાનો કેટલો પ્રેમ છે? આત્મા તો અનંત ગુણ–રત્નોથી ભરેલો મોટો રત્નાકર છે. દરિયાને રત્નાકર કહેવાય છે. આત્મા અનંતગુણથી ભરેલો દરિયો ચૈતન્ય–રત્નાકર છે; એમાં એટલા રત્નો ભર્યાં છે કે એકેક ગુણના ક્રમથી એનું કથન કરતાં કદી પૂરું ન થાય. આત્મા ચૈતન્યરત્નાકર તો સૌથી મહાન છે.

**રત્નઃ** સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર એ મોક્ષમાર્ગનાં ત્રણ રત્નો છે.

**મહારત્નઃ** એ રત્નત્રયના ફળમાં કેવળજ્ઞાનાદિ ચતુષ્ટય પ્રગટે છે, તે કેવળજ્ઞાનાદિ મહા રત્નો છે.

**મહાનથી પણ મહાન રત્નઃ** જ્ઞાનાદિ એકેક ગુણમાં અનંતા કેવળજ્ઞાનરત્નોની ખાણભરી છે, તેથી તે મહા–મહારત્ન છે.

**મહા–મહા–મહારત્નઃ** એવા અનંત ગુણરત્નોની ખાણ આત્મા એ તો મહા–મહા–મહારત્ન છે. એના મહિમાની શી વાત!

ભાઈ! આવું મહિમાવંત રત્ન તું પોતે છો. મહાન રત્નોની ખાણ તારામાં ભરેલી છે. એ સિવાય પરચીજ તારામાં નથી; એ ચીજ તારી નથી, મફતની પરની ચિંતા તેં તારે ગળે વળગાડી છે. ખરેખર જે તારું હોય તે તારાથી કદી જુદું ન પડે; ને તારાથી જુદું પડે તે ખરેખર તારું હોય નહિ. શું જ્ઞાન આત્માથી કદી જુદું પડશે? –ના; કેમકે તે આત્માથી જુદું નથી, તે તો આત્મા જ છે. શરીરાદિ આત્માના નથી, એટલે તે આત્માથી છૂટા પડી જાય છે. પહેલેથી જ છૂટા હતા તેથી છૂટા પડયા, એકમેક થઈ ગયા હોત તો છૂટા ન પડત. એ જ રીતે જ્ઞાન ને રાગ પણ એકમેક થઈ ગયા નથી. ભિન્નસ્વરૂપે જ રહ્યા છે તેથી ભિન્ન પડી જાય છે. પ્રજ્ઞાછીણીવડે રાગ તો આત્માથી બહાર નીકળી જાય છે ને જ્ઞાન અંતરમાં એકમેક રહી જાય છે. –આવું ભેદજ્ઞાન કરે તો આત્માની સાચી પ્રભુતા ઓળખાય.

અહો, પરમેશ્વર–તીર્થંકર પરમાત્માની દિવ્ય વાણીમાં પણ જેનો મહિમા પૂરો ન પડે, એવો ચૈતન્ય હીરલો તું! તારા એકેક પાસામાં (એકેક ગુણમાં) અનંતી તાકાત ઝળકે; એવા અનંતા પાસાથી ઝળકતી તારી પ્રભુતા! અનંત શક્તિના વૈભવથી ભરેલ આનંદનું ધામ એવો ભગવાન તું પોતે! પણ તારી નજરની આળસે તું તને દેખાતો નથી. ‘હરિ’ તું પોતે, પોતે પોતાથી જરાય વેગળો નથી–દૂર નથી, છતાં તેના ભાન વગર અનંતકાળ ગાળ્યો. ભાઈ, હવે તો જાગ! જાગીને તારામાં જો! અંદરમાં નજર કરતાં જ ‘મેરો પ્રભુ નહીં દૂર દેશાંતર, મોહિમેં હૈ, મોહે સુઝત નીકે’ –એમ તારામાં જ તને તારી પ્રભુતા દેખાશે. જ્ઞાનસ્વરૂપમાં દ્રષ્ટિ કરતાં આત્મા હાથમાં આવે છે; તેનો અનુભવ થાય છે. તે અનુભવમાં ઉલ્લસતી શક્તિઓનું આ વર્ણન છે. અનુભવમાં તો અનંતશક્તિઓ સમાય છે, પણ કથનમાં અનંત ન આવે, કથનમાં તો થોડીક જ આવે. છતાં એકેક શક્તિ અનંતશક્તિની ગંભીરતાને લેતી આવે છે; એકેક શક્તિના વર્ણનમાં અનંત શક્તિની ગંભીરતા ભરી છે.

**જેમ દિવાળીના દિવસે આંગણમાં રંગોળી પૂરીને આંગણું શોભાવે છે, ને દીવા પ્રગટાવે છે, -તેમ તારા ચૈતન્ય-આંગણામાં રત્નત્રયની રંગોળી પૂરીને આત્માને શોભાવ...ને કેવળજ્ઞાન-દીપક પ્રગટાવ.**

# સમ્યગ્દર્શન

( સમયસાર કલશ ૬ ઉપરના પ્રવચનમાંથી )

## બહુ ઊંચી છતાં અંતર્મુહૂર્તમાં સમજી શકાય તેવી વાત

અહીં સમ્યગ્દર્શન કેવા શુદ્ધઆત્માને દેખે છે તેનું વર્ણન છે; પરથી ભિન્ન કેવા શુદ્ધાત્માને દેખતાં સમ્યગ્દર્શન થાય તેની આ વાત છે.

અનાદિથી પરને જ જોવાની ટેવ પડી ગઈ છે, ને પરને જાણતાં તેમાં જ જ્ઞાનને એકમેક માની રહ્યો છે, પરથી ભિન્ન જ્ઞાનને દેખતો નથી, જાણતો નથી. પરથી ભિન્ન એકરૂપ નિજાત્માને દેખવો જાણવો ને આનંદસહિત અનુભવવો તે સમ્યક્ દર્શન છે. આત્મા પોતાના સ્વભાવથી પરિપૂર્ણ છે. વર્તમાનદશાને તે પૂર્ણ સ્વભાવમાં વાળીને તેનો અનુભવ કરવો, એટલે દેખનારો પોતે દેખનારમાં દેખે, પોતે પોતાને પોતામાં દેખે આવી અંતરની દ્રષ્ટિ તે સમ્યક્–દર્શન છે.

આત્મા પરથી જુદો છે, તેને જુદો દેખવો તે સમ્યગ્દર્શન છે. ભાઈ, આ દેહાદિ તો જુદા છે. દેહમાં કાંઈ આત્મા નથી. દેહનું અસ્તિત્વ આત્માના અસ્તિત્વથી જુદું છે; ને આત્માનું અસ્તિત્વ દેહના અસ્તિત્વથી જુદું છે. એકમાં બીજાનું અસ્તિત્વ નથી, એટલે અત્યંત ભિન્નતા છે. આવો ભિન્ન આત્મા પોતાના જ્ઞાન–આનંદ વગેરે અનંત ગંભીર સ્વભાવોથી ભરેલો પૂર્ણ છે. સ્વસન્મુખ થઈ એને વેદવો અનુભવવો જાણવો તે ધર્મની પ્રથમ ભૂમિકા છે, અહીંથી ધર્મ શરૂ થાય છે. અંતરમાં આનંદનું સ્વસંવેદન થતાં આવો જ આખો આત્મા આનંદથી ભરપૂર છે–એવી પ્રતીત થાય છે, તે સમ્યગ્દર્શન છે.

આત્માનું અસ્તિત્વ કેવું છે? કે પરથી જુદું ને પોતાના સમસ્ત શુદ્ધ ગુણ–પર્યાયોથી વ્યાપ્ત છે. ગુણપર્યાયમાં વ્યાપેલો હોવા છતાં શુદ્ધનયથી આત્માને એકપણું છે; તેમાં કોઈ ભેદ નથી, વિકલ્પ નથી, અશુદ્ધતા નથી.

ભાઈ, તારામાં જે ભર્યું છે તેને તું દેખ. જે તારામાં નથી તેને તું દેખે છે ને તેનું અસ્તિત્વ પોતામાં માને છે તે તો ભ્રમ છે. તારા અસ્તિત્વને પરથી ભિન્ન અને પોતાના ગુણ–પર્યાયોમાં એકાકારપણે રહેલા એવા એકરૂપે દેખ, તે સમ્યગ્દર્શન છે. તે સમ્યગ્દર્શનપર્યાય અંતર્મુખ થઈને આખા શુદ્ધ આત્માને અંગીકાર કરે છે. આખા દ્રવ્ય પ્રમાણે સમ્યગ્દર્શનની પર્યાય અભેદ પરિણમી ગઈ છે. સમ્યગ્દર્શનપર્યાયે આખા આત્માને પકડયો છે; તે પર્યાય અખંડ દ્રવ્યમાં અભેદ થઈને પ્રણમી ગઈ છે. આવો શુદ્ધઆત્મા એક જ અમને અનુભવમાં પ્રાપ્ત હો. નવતત્ત્વમાંથી આ એક જ ભૂતાર્થ છે; બાકી નવતત્ત્વના વિકલ્પો તે સમ્યગ્દર્શનથી બાહ્ય છે. સમ્યગ્દર્શનનું અંતર્–તત્ત્વ એકરૂપ શુદ્ધ

દ્રવ્ય જ છે. શુદ્ધનયે અનુભૂતિમાંથી ગુણપર્યાયના ભેદ કાઢી નાંખીને આત્માને શુદ્ધ એકપણામાં સ્થાપ્યો છે એટલે કે અનુભવમાં લીધો છે. તે અનુભવમાં નિર્મળ પર્યાયનોય ભેદ નથી.

ધર્મનું પહેલું પગથિયું જે સમ્યગ્દર્શન, તે સમ્યગ્દર્શનમાં કેવો આત્મા દેખાય છે તેની આ વાત છે. નિર્મળ ગુણ–પર્યાયોના જે ભેદો છે તેમાં અભેદપણે આત્મા રહેલો છે, એટલે શુદ્ધનયથી તે એક છે. આવા શુદ્ધ એકત્વસ્વરૂપ આત્મા સમ્યગ્દર્શનમાં દેખાય છે.

આત્માના અસ્તિત્વમાં પરનું તો અસ્તિત્વ જ નથી. આત્માના અસ્તિત્વમાં પોતાના અનંત ગુણ–પર્યાયનું અસ્તિત્વ છે. આવા આત્માને પરથી ભિન્નપણે ને પોતાના જ્ઞાનાદિ સ્વભાવોથી અભિન્નપણે દેખવો–અનુભવવો તે સમ્યગ્દર્શનનું કામ છે.

આત્મામાં પરનું અસ્તિત્વ નથી એટલે પરનાં કામને આત્મા કરતો નથી; તથા પરના અસ્તિત્વમાં આત્માનું અસ્તિત્વ નથી એટલે પરને લીધે આત્માનું કાંઈ કામ થતું નથી. બંને દ્રવ્યો જુદેજુદાં પોતપોતાના કાર્યને જ કરે છે. આમ પરથી તો આત્માની તદ્દન ભિન્નતા નક્કી થઈ.

હવે આત્મામાં પોતામાં જે પોતાના ગુણ–પર્યાયો છે, તે ગુણ–પર્યાયોને પણ ભિન્ન ભિન્ન અનેક ભેદરૂપે દેખ્યા કરે તો ત્યાંસુધી પણ વિકલ્પ જ છે, અને તેમાં ભૂતાર્થઆત્મા એટલે કે સાચો આત્મા દેખવામાં આવતો નથી એટલે કે આત્માના શુદ્ધસ્વરૂપનું સમ્યક્દર્શન થતું નથી. આત્મા સાચા સ્વરૂપે દેખાતો નથી. આત્માને સર્વ ગુણપર્યાયોમાં અભેદ એક સ્વરૂપે દેખવાથી જ આત્માનું સાચું સ્વરૂપ દેખાય છે એટલે સમ્યગ્દર્શન થાય છે.

આનું નામ 'એકત્વ–વિભક્ત' આત્મા છે.

માત્ર અનેક ભંગ–ભેદરૂપે જ આત્માને દેખ્યા કરે ને એકસ્વરૂપ અભેદ આત્માને ન દેખે ત્યાંસુધી વિકલ્પ તૂટીને શુદ્ધ આત્મા અનુભવમાં આવે નહિ. ભંગભેદના અનુભવથી તો વિકલ્પની ઉત્પત્તિ છે; ને એટલા સ્વરૂપે જ આત્માને દેખે–અનુભવે તો સમ્યક્ત્વ થાય નહિ. સમ્યક્ત્વ તો ત્યારે થાય કે જ્યારે સ્વભાવથી અભેદ આત્માને અનુભવમાં લ્યે. અંતર્મુખ થઈને આવા એકરૂપ અભેદ આત્માનો અનુભવ કરતાં તે અનુભવ કરનારી પર્યાય પણ સ્વભાવમાં લીન થઈ જાય છે. ત્યાં અનુભવમાં ગુણ–પર્યાયનો કોઈ ભેદ દેખાતો નથી, તેથી સમ્યગ્દર્શનને 'આત્મા' જ કહ્યો. સમ્યગ્દર્શનમાં એક અભેદ શુદ્ધઆત્મા જ દેખાય છે. આનું નામ સમ્યગ્દર્શન છે.

* આવા એકરૂપ આત્માના દર્શનમાં સમ્યક્શ્રદ્ધા થાય છે.
* આવા એકરૂપ આત્માના જ્ઞાનમાં સમ્યગ્જ્ઞાન થાય છે.
* આવા એકરૂપ આત્માને દેખતાં સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટે છે.
* આવા એકરૂપ આત્માને દેખતાં શાંતિનું વેદન થાય છે.

* આ રીતે ભૂતાર્થરૂપ જે એકરૂપ આત્મા તેના આશ્રયે મોક્ષમાર્ગ છે.

પરંતુ–

* અનેક ભેદરૂપે આત્માને દેખતાં સમ્યક્શ્રદ્ધા થતી નથી.
* એકલા ભેદોને જ જાણતાં સમ્યગ્જ્ઞાન થતું નથી.
* ભેદનો આશ્રય કરીને અટકતાં સ્વરૂપાચરણ થતું નથી.
* અનેક ભેદ ઉપર દ્રષ્ટિ કરીને અટકતાં અશાંતિ થાય છે.
* ને ભેદનો આશ્રય તે મોક્ષમાર્ગ નથી પણ સંસારનું કારણ છે.

આમ બતાવીને, અભેદરૂપ ભૂતાર્થસ્વભાવના આશ્રયનો ઉપદેશ કુંદકુંદાચાર્યદેવે સમયસારમાં આપ્યો છે. જૈનમાર્ગમાં બધા વીતરાગીસન્તોએ આવો ઉપદેશ આપ્યો છે. આ પ્રકારની અભેદરત્નત્રયની આરાધનાનો ઉપદેશ ઉપાધ્યાય આપે છે,–એમ પરમાત્મપ્રકાશમાં કહ્યું છે.

બીજું લાંબુ ભલે ન આવડે, પણ આવો આત્મા દ્રષ્ટિમાં ને અનુભવમાં લેતાં જેને આવડયું તે જીવ ભવસમુદ્રથી તરી જશે. આવા આત્માને લક્ષમાં લીધા વગર ભવનો છેડો નહિ આવે. ભાઈ, અંતર્મુહૂર્તમાં સમજી શકાય એવી આ વાત છે. વાત તો બહુ ઊંચી છે, પણ આત્મા તે સમજવાની તાકાતવાળો છે. પોતે પરની કિંમત ટાંકીને પોતાની કિંમત ન જાણી તેથી પરસન્મુખ જોઈ જોઈને રખડયો. ચૈતન્યહીરો પોતે પોતાની કિંમત ટાંકે તો સ્વસન્મુખ થઈને મોક્ષદશાને પામે.

ભગવાન સર્વજ્ઞદેવે જે કહ્યું તે જ કુંદકુંદાચાર્યદેવે કહ્યું છે ને તે જ વાત અત્યારે કહેવાય છે. આ વાત સમજ્યે જ સમ્યગ્દર્શન થશે ને મોક્ષમાર્ગ હાથમાં આવશે.

जय जिनेन्द्र

## પરિચય કોનો કરવો ?

એવો એક જ પદાર્થ પરિચય કરવા યોગ્ય છે કે જેથી અનંત પ્રકારનો પરિચય નિવૃત્ત થાય છે.

તે કયો ?

અને કેવા પ્રકારે ?

તેનો વિચાર મુમુક્ષુઓ કરે છે.

(શ્રીમદ્ રાજચંદ્ર)

# ભગવાન ઋષભદેવ

## તેમના છેલ્લા દશ અવતારની કથા

( મહા પુરાણના આધારે લે. બ્ર. હરિલાલ જૈનઃ લેખાંક સાતમો )

卐

(જિનવાણીના અંશરૂપે જે કષાયપ્રાભૃત, તેના ઉપર ૬૦,૦૦૦ શ્લોકપ્રમાણ જયધવલા ટીકા છે; તેના શરૂઆતના વીસ હજાર શ્લોક શ્રી વીરસેનસ્વામી રચિત છે; ને પછીના ચાલીસ હજાર શ્લોકની રચનાવડે શ્રી જિનસેનસ્વામીએ પોતાના ગુરુનું અધૂરું રહેલું મહાન કાર્ય પૂરું કર્યું છે, અને ત્યાર પછી આ મહાપુરાણની રચના પણ તેમણે જ કરી છે. આ રીતે જયધવલાની ૪૦,૦૦૦ શ્લોકપ્રમાણ ટીકાના રચનાર એવા ભગવત્ જિનસેનસ્વામીની રચનાને આધારે આ ઋષભકથાનું આલેખન થઈ રહ્યું છે. સમ્યક્ત્વ કેમ પમાય ? તે વખતના જીવનાં પરિણામ કેવા હોય ? વગેરે અનેક સિદ્ધાન્તિક રહસ્યો આમાં ભર્યા છે.)

આપણા કથાનાયક ભગવાન ઋષભદેવનો જીવ મહાબલરાજાના ભવમાં જૈન ધર્મના સંસ્કાર પામ્યો; પછી લલિતાંગ–દેવ થયો; વજ્રજંઘના ભવમાં મુનિઓને આહારદાન દીધું; ભોગભૂમિના ભવમાં 'પ્રીતિકર' અને 'પ્રીતિદેવ' એ બે મુનિવરોના ઉપદેશથી અપૂર્વ સમ્યક્ત્વધર્મ પ્રગટ કર્યો; શ્રીધરદેવના ભવમાં મંત્રીના જીવને નરકમાં પ્રતિબોધીને, સમ્યગ્દર્શન પમાડયું; પછી વિદેહમાં સુવિધિરાજા થઈ શ્રાવકધર્મ પાળી અંતસમયે મુનિ થયા; ને સમાધિપૂર્વક દેહ છોડી, અત્યારે સ્વર્ગમાં અચ્યુતેન્દ્રપણે બિરાજી રહ્યા છે; હવે ત્યાંથી મનુષ્યલોકમાં અવતરવાની તૈયારી છે; અહીં સુધી આપણી કથા પહોંચી છે. હવે કથા આગળ ચાલે છે; તેમાં, આપણા કથાનાયક મનુષ્યલોકમાં ક્યાં અવતરે છે ને ત્યાં શું કરે છે–તે આપણે જોઈએ.

[ ૮ ]

### પૂર્વનો ત્રીજો ભવઃ વજ્રનાભિ ચક્રવર્તી, મુનિધર્મનું પાલન અને તીર્થંકરપ્રકૃતિ

ભગવાન ઋષભદેવનો આત્મા અચ્યુતઈન્દ્ર સ્વર્ગથી ચ્યુત થઈને, અત્યંત શોભાયમાન એવા જંબુદ્વીપના પૂર્વવિદેહક્ષેત્રમાં પુષ્કલાવતી દેશની પુંડરીકિણી નગરીમાં અવતર્યો, –વજ્રનાભી એનું નામ; રાજા વજ્રસેન તીર્થંકર તેના પિતા, અને શ્રીકાન્તારાણી

તેમની માતા. પૂર્વભવના સંબંધી સિંહ–વાંદરો વગેરે જીવો પણ અહીં તે વજ્રનાભીના ભાઈ તરીકે અવતર્યા,–તેમનાં નામ વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિત. આ ઉપરાન્ત પૂર્વે વજ્રજંઘના ભવમાં આહારદાન વખતે જેઓ સાથે હતા તે મતિવરમંત્રી વગેરે ચારે જીવો પણ (જેઓ ગ્રૈવેયકમાં હતા તેઓ, ત્યાંથી ચ્યૂત થઈને) અહીં વજ્રનાભીના ભાઈ તરીકે અવતર્યા. તેમાં મતિવરમંત્રીનો જીવ સુબાહુ થયો; આનન્દ પુરોહિતનો જીવ મહાબાહુ થયો; અકંપન સેનાપતિનો જીવ પીઠકુમાર થયો; અને ધનમિત્ર શેઠનો જીવ મહાપીઠ થયો.–આમ પૂર્વભવના સંસ્કારને લીધે બધા જીવો એક ઠેકાણે ભેગા થઈ ગયા. શ્રીમતીનો જીવ–કે જે અચ્યુતેન્દ્ર સ્વર્ગમાં પ્રતીન્દ્ર થયો હતો તે ત્યાંથી ચ્યૂત થઈને આ જ નગરીમાં કુબેરદત્ત વણિકને ત્યાં અનંતમતીનો પુત્ર ધનદેવ થયો.

**આપણા કથાનાયક આ ભવમાં વિદેહના વજ્રસેન તીર્થંકરના પુત્ર તથા ચક્રવર્તી છે, અને પોતાના પિતાજીના પાદમૂળમાં સોળ કારણભાવનાવડે તીર્થંકરપ્રકૃતિ બાંધીને, એક ભવ પછી પોતે ભરતક્ષેત્રના આદ્ય તીર્થંકર થવાના છે.** એવા આ પવિત્ર આત્મા વજ્રનાભી યુવાન થતાં એકદમ શોભી ઊઠયા. એ વજ્રનાભીની નાભિ વચ્ચે વજ્રનું એક સ્પષ્ટ ચિહ્ન શોભતું હતું–જે એમ પ્રસિદ્ધ કરી રહ્યું હતું કે આ જીવ ચક્રવર્તી થશે. તેણે શાસ્ત્રનો સુંદર અભ્યાસ કર્યો હોવાથી યૌવનજન્ય મદ થયો ન હતો. અનેક પ્રકારની રાજવિદ્યામાં પણ તે પારંગત થયા; લક્ષ્મી અને સરસ્વતી બંનેનો તેની પાસે સુમેળ હતો, ને તેની કીર્તિ દશે દિશામાં ફેલાઈ ગઈ હતી. પોતાના ગુણવડે તે બધા લોકોને વશીભૂત કરી લેતા હતા. ખરું જ છે–ગુણોવડે વશ કોણ ન થાય? અહીં રાજકુમાર વજ્રનાભીના ગુણોનું જેવું વર્ણન કર્યું,–બાકીના રાજકુમારોના ગુણોનું વર્ણન પણ લગભગ તેવું જ સમજી લેવું.

વજ્રનાભીકુમારને સર્વપ્રકારે યોગ્ય સમજીને વજ્રસેન રાજાએ એકવાર ઠાઠમાઠથી તેનો રાજ્યાભિષેક કરીને સંપૂર્ણ રાજ્ય સોંપી દીધું. અત્યંત કુશળ એવા વજ્રસેન તીર્થંકરે પુત્રને રાજતિલક કરીને "તું મહાન ચક્રવર્તી હો" એવા આશીર્વાદ આપ્યા ને પોતે સંસારથી વિરક્ત થયા. રાજા વજ્રસેનને વૈરાગ્ય થતાં લૌકાન્તિકદેવોએ આવીને સ્તુતિપૂર્વક તેમને પ્રતિબોધ્યા ને તેમના વૈરાગ્યની અનુમોદના કરી. ઉત્તમ દેવોએ આવીને ભગવાન વજ્રસેનની પૂજા કરી અને તેઓ દીક્ષિત થયા. ભગવાન વજ્રસેનની સાથે સાથે આમ્રવન નામના મહાન ઉપવનમાં બીજા એક હજાર રાજાઓએ પણ દીક્ષા લીધી.

એક તરફ રાજા વજ્રનાભિ તો મહાન રાજ્યનું પાલન કરવા લાગ્યા, બીજી તરફ મુનિરાજ વજ્રસેન તપોલક્ષ્મીનું પાલન કરવા લાગ્યા. થોડા સમયમાં વજ્રનાભિ રાજાના

શસ્ત્રભંડારમાં ઝળહળતું ચક્રરત્ન પ્રગટયું, તો અહીં વજ્રસેન મુનિરાજના મનગૃહમાં શુક્લધ્યાનરૂપી અત્યંત તેજસ્વી ધ્યાનચક્ર પ્રગટયું. પુત્ર તો ચક્રવર્તી રાજા થયો, ને પિતા કેવળજ્ઞાન પ્રગટ કરીને ધર્મચક્રી થયા. પિતા તો તીર્થંકર થઈને ધર્મોપદેશ વડે જીવોનું હિત કરવા લાગ્યા. ને ભાવિ તીર્થંકર એવો પુત્ર ચક્રવર્તી થઈને પ્રજાનું પાલન કરવા લાગ્યો. રાજા વજ્રનાભિએ ચક્રરત્નવડે આખી પૃથ્વીને જીતી લીધી હતી, ને ભગવાન વજ્રસેને કર્મો ઉપર વિજય મેળવીને અનુપમ પ્રભાવવડે ત્રણ લોકને જીતી લીધા હતા. આ રીતે વિજય કરવામાં શ્રેષ્ઠ એ બંને પિતા-પુત્ર જાણે એકબીજાની સ્પર્ધા કરતા હોય, એવા લાગતા હતા. પણ એકનો વિજય અત્યંત અલ્પ, છ ખંડ સુધીજ મર્યાદિત હતો, બીજાનો વિજય આખા લોકને ઉલ્લંઘીને અલોકમાં પણ પહોંચી ગયો-એવો સૌથી મહાન હતો.

આપણા ચરિત્રનાયક આદિનાથનો જીવ તો આ રીતે ચક્રવર્તી થયો, ને તેના સાત ભવનો સાથીદાર ( સ્વયંપ્રભા દેવી અથવા કેશવનો જીવ ) ધનદેવ તે ચક્રવર્તીના ૧૪ રત્નોમાંથી ગૃહપતી નામનો તેજસ્વી રત્ન થયો. આ રીતે મહાન અભ્યુદય સહિત બુદ્ધિમાન વજ્રનાભિ ચક્રવર્તીએ દીર્ઘકાળ સુધી રાજ્ય ભોગવ્યું.

એકવાર તે પોતાના પિતા વજ્રસેન તીર્થંકરના સમવસરણમાં ગયો અને પરમ ભક્તિથી એ જિનનાથના દર્શન-વંદન કરીને દિવ્યધ્વનિનું શ્રવણ કર્યું. ભગવાનના શ્રીમુખેથી અત્યંત દુર્લભ એવા રત્નત્રયધર્મનું સ્વરૂપ સાંભળીને તેને પણ રત્નત્રયની ભાવના જાગી. “જે બુદ્ધિમાન જીવ અમૃત સમાન એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેનું સેવન કરે છે તે અચિંત્ય અને અવિનાશી એવા મોક્ષપદને પામે છે,-એમ હૃદયમાં વિચારીને તે ચક્રવર્તીએ પોતાના સમસ્ત સામ્રાજ્યને સડેલા તરણાં સમાન જાણીને છોડી દીધું ને રત્નત્રયધર્મમાં તથા તપમાં પોતાની બુદ્ધિ લગાવી. વજ્રસેન નામના પુત્રને રાજ્ય સોંપીને તેણે ૧૬૦૦૦ મુગટબંધી રાજાઓ, એક હજાર પુત્રો, પૂર્વભવના સ્નેહી એવા આઠ ભાઈઓ, તથા ધનદેવની સાથે, મોક્ષપ્રાપ્તિના ઉદ્દેશથી, પિતા વજ્રસેન તીર્થંકરની સમીપ, ભવ્ય જીવોને પરમ આદરણીય એવી જિનદિક્ષા ધારણ કરી.

મહારાજા વજ્રનાભિએ મુનિ થઈને અહિંસા વગેરે પાંચ મહાવ્રતો ધારણ કર્યા, ઈર્યા, ભાષા, એષણા, આદાન-નિક્ષેપણ તથા પ્રતિષ્ઠાપન-એ પાંચ સમિતિ તથા મનગુપ્તિ, વચનગુપ્તિ ને કાયગુપ્તિ એ ત્રણ ગુપ્તિ-આ આઠને ‘અષ્ટ પ્રવચનમાતા’ કહેવાય છે, તેનું પાલન દરેક મુનિને જરૂર હોય-એમ ઇન્દ્રસભાના રક્ષક (-સમવસરણના નાયક ) એવા ગણધરદેવે કહ્યું છે. વજ્રનાભિ મુનિરાજે આવી સમિતિ-ગુપ્તિનું પાલન કર્યું; તે ઉત્કૃષ્ટ તપસ્વી, ધીર, વીર, પાપરહિત, મુનિધર્મનું ચિન્તન કરનારા, સમ્યગ્દર્શનાદિ રત્નત્રયધર્મથી શોભાયમાન ચક્રવર્તી-મુનિરાજ એકલવિહારીપણે એકાકી વિચરવા લાગ્યા.

એ પ્રમાણે ઘણાકાળ સુધી વિહાર કરતા કરતા એકવાર, આત્મસ્વરૂપનું ચિન્તન કરનારા તે ધીર વીર વજ્રનાભિ મુનિરાજે પોતાના પિતા વજ્રસેન તીર્થંકરના ચરણસમીપમાં દર્શનવિશુદ્ધિ આદિ ૧૬ ભાવનાઓનું ચિન્તન કર્યું–કે જે તીર્થંકરપદની પ્રાપ્તિનું કારણ છે. તેમણે ભાવેલી ૧૬ ભાવના નીચે મુજબ–

૧. દોષરહિત શુદ્ધ સમ્યગ્દર્શનરૂપ દર્શનશુદ્ધિ ધારણ કરી.

૨. જ્ઞાનાદિનો વિનય ધારણ કર્યો.

૩. શીલ અને વ્રતોને નિરતિચાર કર્યા.

૪. ઉપયોગને વારંવાર જ્ઞાનમાં જોડયો.

૫. સંસારથી ભયભીત થયા.

૬. પોતાની શક્તિ છૂપાવ્યા વગર સામર્થ્ય અનુસાર તપશ્ચરણ કર્યું.

૭. જ્ઞાન તથા સંયમના સાધનરૂપ ત્યાગમાં ચિત્ત લગાવ્યું.

૮. સાધુઓને વ્રત–શીલ આદિમાં વિઘ્ન આવતાં તે દૂર કરવામાં વારંવાર સાવધાન રહેતા હતા; કેમકે ઉત્તમ પુરુષોની સર્વ ચેષ્ઠા સમાધિ માટે અથવા બીજાના વિઘ્નો દૂર કરવા માટે હોય છે.

૯. વ્રતી પુરુષોને પોતાથી અભિન્ન જાણીને, તેમને રોગાદિ થતાં તેની વૈયાવૃત્ય ( સેવા ) કરતા હતા; આ વૈયાવૃત્ય તે તપનું મુખ્ય અંગ છે.

૧૦. પૂજ્ય અરિહંત ભગવાનમાં તેને નિશ્ચલ ભક્તિ હતી.

૧૧. વિનયપૂર્વક આચાર્યોની ભક્તિ કરતા હતા.

૧૨. વિશેષ જ્ઞાનવંત મુનિઓની સેવા કરતા હતા.

૧૩. જિનવાણીરૂપ પ્રવચન પ્રત્યે પણ તેને ઉત્કૃષ્ટ ભક્તિ હતી; કેમકે પ્રવચન પ્રત્યે તીવ્ર ભક્તિ વગર રાગાદિને જીતી શકાતા નથી.

૧૪. તે ‘અવશ’ હોવા છતાં ‘વશી’ હતા, ( એટલે કે અન્યને વશ ન હોવારૂપ ‘અવશ’ હોવા છતાં, ઇન્દ્રિયોને વશ કરનારા હોવાથી ‘વશી’ હતા. ) દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવની અપેક્ષાપૂર્વક ( યોગ્ય રીતે ) સામાયિક, વંદના,, સ્તુતિ, પ્રતિક્રમણ, સ્વાધ્યાય તથા કાયોત્સર્ગ–એ છ આવશ્યકોનું પૂર્ણ રીતે પાલન કરતા હતા.

૧૫. તપ–જ્ઞાન વગેરે કિરણોને ધારણ કરનાર અને ભવ્યજીવરૂપી કમળને વિકસીત કરનાર એવા સૂર્યસમાન તે મુનિરાજ જૈનમાર્ગને સદા પ્રકાશીત અને પ્રભાવિત કરતા હતા.

૧૬. જિનમાર્ગ પર ચાલનારા શિષ્યોને ધર્મમાં સ્થિર કરનાર, તથા ધર્મમાં પ્રેમ રાખનાર એવા તે વજ્રનાભિ મુનિરાજ બધા ધર્માત્મા જીવો ઉપર અતિશય પ્રેમ–વાત્સલ્ય રાખતા હતા.

–આ પ્રમાણે મહા ધીર–વીર એ વજ્રનાભિમુનિરાજે તીર્થંકરત્વની પ્રાપ્તિના કારણરૂપ આ ૧૬ ભાવનાઓનું ઘણા કાળ સુધી ચિન્તન કર્યું; અને ઉત્તમ પ્રકારે એ ભાવનાઓના ચિન્તન વડે તે શ્રેષ્ઠ મુનિરાજે ત્રણલોકમાં ક્ષોભ ઉત્પન્ન કરનારી તીર્થંકર નામની મહાપુણ્યપ્રકૃતિ બાંધી. એવા તે ભાવિ તીર્થંકરને નમસ્કાર હો.

તીર્થંકર પ્રકૃતિ બાંધવાની સાથે સાથે તે મુનિરાજ જ્ઞાનની અનેક પ્રકારની ઋદ્ધિ પણ પામ્યા હતા, ને તે ઋદ્ધિવડે તેમણે પોતાના પરભવોને જાણી લીધા હતા. બીજી પણ અનેક મહાન ઋદ્ધિઓ તેમને પ્રગટી હતી. પરંતુ ઉત્તમબુદ્ધિમાન તે મુનિરાજને તો ગૌરવપૂર્ણ એવા એક સિદ્ધપદની જ વાંછા હતી. લૌકિકઋદ્ધિઓની તેમને જરાપણ વાંછા ન હોવા છતાં અણિમા–મહિમા વગેરે અનેક ઋદ્ધિઓ તેમને પ્રગટી હતી. વગર ઈચ્છાએ જગતનું હિત કરનારી એવી અનેકવિધ ઔષધિઋદ્ધિ પણ તેમને પ્રગટી હતી, –ખરું જ છે, કલ્પવૃક્ષ ઉપર લાગેલા ફળ કોનો ઉપકાર ન કરે ? તે મુનિરાજને જો કે ઘી–દૂધ વગેરે રસોનો ત્યાગ હતો તોપણ ઘી–દૂધને ઝરાવનારી અનેકવિધ રસઋદ્ધિ તેમને પ્રગટી હતી;–એ યોગ્ય જ છે, ઇષ્ટ પદાર્થોનો ત્યાગ કરવાથી તેના કરતાં ય અધિક મહાન ફળની પ્રાપ્તિ થાય છે. બલઋદ્ધિના પ્રભાવથી ગમે તેવા કઠણ ગરમી–ઠંડીના પરિષહોને પણ તે સહી લેતા હતા, તેમને એવી અક્ષીણઋદ્ધિ પ્રગટી હતી કે, જે દિવસે જે ઘરમાં તેમણે ભોજન કર્યું હોય તે દિવસે તે ઘરમાં ભોજન અક્ષય થઈ જતું, એટલે ચક્રવર્તીના સૈન્યને ભોજન કરાવવા છતાં પણ તે ભોજન ખૂટતું નહિ.–એમાં શું આશ્ચર્ય છે! મુનિઓનું મહાન તપ તો અક્ષય એવા મોક્ષફળને આપે છે.

આ પ્રમાણે, વિશુદ્ધભાવનાઓને ધારણ કરનાર તે વજ્રનાભિમુનિરાજ પોતાના વિશુદ્ધપરિણામોથી ઉત્તરોત્તર વિશુદ્ધ થતાં થતાં ઉપશમશ્રેણી પર આરૂઢ થયા. અધઃકરણ પછી તેઓ આઠમા ગુણસ્થાને અપૂર્વકરણ કરીને નવમા અનિવૃત્તિકરણ–ગુણસ્થાનને પામ્યા, ત્યારપછી જ્યાં અત્યંત સૂક્ષ્મ રાગ બાકી રહ્યો છે એવા સૂક્ષ્મસાંપરાય નામના દશમા ગુણસ્થાને આવ્યા, અને પછી ઉપશાન્તમોહ નામના વીતરાગીગુણસ્થાને આવ્યા. અહીં અગિયારમાં ગુણસ્થાને મોહકર્મ સંપૂર્ણ ઉપશાન્ત થયું હતું અને અતિશય વિશુદ્ધ એવું ઔપશમિકચારિત્ર પ્રગટ થયું હતું. અંતર્મુહૂર્ત પછી તે મુનિરાજ ફરીને સ્વસ્થાનરૂપ સાતમા અપ્રમત્તગુણસ્થાને આવ્યા; એનું ખાસ કારણ એ છે કે અગિયારમાં ગુણસ્થાને આત્માની સ્વાભાવિક સ્થિતિ અંતર્મુહૂર્ત કરતાં વધુ હોતી જ નથી.

એ વજ્રનાભિમુનિરાજે આયુષ્યના અંતભાગમાં શ્રીપ્રભપર્વત ઉપર પ્રાયોપવેશન (અર્થાત્ પ્રાયોપગમન સંન્યાસ) ધારણ કરીને શરીર અને આહારનું મમત્વ છોડી દીધું હતું. આ સંન્યાસમાં તપસ્વીસાધુ રત્નત્રયરૂપી શય્યા પર ઉપવેશ–કરે છે તેથી તેને ‘પ્રાયોપવેશન’

કહે છે; આ સંન્યાસવડે રત્નત્રયની ઉત્કૃષ્ટ શુદ્ધતા થાય છે તથા કર્મરૂપી શત્રુનો ઘણો નાશ થાય છે; આ સંન્યાસના ધારક મુનિરાજ નગર–ગામ વગેરે સંસારી પ્રાણીઓને રહેવાના સ્થાનથી દૂર એકાંતમાં વસે છે. આવો પ્રાયોપગમન–સંન્યાસ ધારણ કરનાર તે વજ્રનાભિમુનિરાજ પોતે પોતાના શરીરનો કોઈ ઉપચાર કરતા ન હતા, તેમજ બીજા પાસે પણ કાંઈ ઉપચાર–સેવા કરાવવાની ઈચ્છા રાખતા ન હતા. જેમ શત્રુના મૃતકલેવરને જોઈને કોઈ મનુષ્ય નિરાકુળ–નિશ્ચિંત થઈ જાય, તેમ તેમણે આ શરીરને મૃતકકલેવરવત્ જાણીને તેનું મમત્વ છોડી દીધું હતું ને અત્યંત નિરાકુળ થઈ ગયા હતા.

જોકે તેમનું શરીર ઘણું જ દુબળું થઈ ગયું હતું તોપણ સ્વાભાવિક ધૈર્યના અવલંબનવડે ઘણા દિવસો સુધી નિશ્ચલ ચિત્તે બેસી રહ્યા. માર્ગથી ચ્યુત ન થવાય તથા કર્મોની અતિશય નિર્જરા થાય તે હેતુથી તેઓ ક્ષુધા–તૃષા વગેરે બાવીસ પરીસહોને સહતા હતા. ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, શૌર્ય, સત્ય, સંયમ, તપ, ત્યાગ, અકિંચન્ય અને બ્રહ્મચર્ય–એ દશ ધર્મોનું તે મહા વિદ્વાન મુનિરાજ પાલન કરતા હતા, કે જે ધર્મો ગણધરોને પણ અત્યંત ઈષ્ટ છે. તેઓ બાર વૈરાગ્ય–અનુપ્રેક્ષાઓનું નિરંતર ચિન્તન કરતા હતાઃ–

(૧) સંસારના સુખ, આયુ, બળ ને સંપદા તે બધું અનિત્ય છે.
(૨) જન્મ, વૃદ્ધાવસ્થા કે મરણ તેમાં જીવને કોઈ શરણ નથી.
(૩) મિથ્યાત્વાદિના કારણે થતું પંચવિધ સંસારભ્રમણ અત્યંત દુઃખરૂપ છે.
(૪) જ્ઞાન–દર્શનસ્વરૂપ આત્મા સદા એકલો છે.
(૫) શરીર, ધન, ભાઈ, સ્ત્રી વગેરેથી તે સદા જુદો–અન્ય છે.
(૬) નવદ્વારોથી અશુચી ઝરે છે તેથી શરીર સદા અપવિત્ર છે.
(૭) અજ્ઞાનાદિના કારણે જીવને સદા પુણ્ય–પાપરૂપ કર્મનો આસ્રવ થાય છે.
(૮) સમ્યક્ત્વ સહિત સમિતિ–ગુપ્તિવડે કર્મનો સંવર થાય છે.
(૯) સમ્યક્ત્વ સહિત તપથી નિર્જરા થાય છે.
(૧૦) ૩૪૩ ઘનરાજુપ્રમાણ લોક શાશ્વત, અકૃત્રિમ છે.
(૧૧) રત્નત્રયરૂપ બોધિની પ્રાપ્તિ ભવસમુદ્રમાં અત્યંત દુર્લભ છે.
(૧૨) રત્નત્રયાદિ ધર્મવડે જ જીવનું કલ્યાણ છે.

એ પ્રમાણે, તત્ત્વચિન્તનપૂર્વક તેમણે બાર ભાવનાઓ ભાવી. શુભ ભાવનાઓ અર્થાત્ પવિત્ર ભાવનાઓને ધારણ કરનારા તે વજ્રનાભિ મુનિરાજ લેશ્યાની અતિશય વિશુદ્ધિને પામ્યા, અને ઉપશમ શ્રેણીમાં બીજીવાર આરૂઢ થયા. પૃથક્ત્વ–વિતર્ક નામના શુક્લધ્યાનને

પૂર્ણ કરીને તેઓ ઉત્કૃષ્ટ સમાધિરૂપ વીતરાગભાવને પામ્યા; ને ઉપશાન્તમોહ નામના ૧૧ મા ગુણસ્થાને પ્રાણ છોડીને સર્વાર્થસિદ્ધિમાં અહમિન્દ્ર પદને પામ્યા.

**[ સર્વાર્થસિદ્ધિમાં ૩૩ સાગરોપમના અસંખ્યાતા વર્ષો સુધી ઇન્દ્રિયવિષયો વગરનું જે સુખ તેમણે ભોગવ્યું તેનું હવે વર્ણન કરીને, તેના ઉદાહરણથી આત્માના અતીન્દ્રિય સુખનું સ્વરૂપ સમજાવશે, ને બાહ્યવિષયો સુખનું કારણ નથી એમ બતાવશે. ]**

**લોકના અગ્રભાગરૂપ જે સિદ્ધોનું ધામ તેનાથી એ સર્વાર્થસિદ્ધિવિમાન માત્ર બાર યોજન નીચે છે. આ સર્વાર્થસિદ્ધિના અંતિમ અવતારમાં બિરાજમાન આપણા ચરિત્રનાયક અહીંથી ચ્યવીને આપણા ભરતક્ષેત્રની અયોધ્યાપુરીમાં ઋષભદેવ તીર્થંકર તરીકે અવતરશે ને મોક્ષમાર્ગ ખુલ્લો મુકીને જગતના જીવોનું કલ્યાણ કરશે.**

## भ...ज...न

**જીવ તું ભ્રમત સદીવ અકેલા; સંગ-સાથી કોઈ નહિ તેરા... જીવ !**
**અપના સુખદુઃખ આપહીં ભુગતે હોય કુટુંબ ન ભેલા...**
**સ્વાર્થ ભયે સબ બિછુર જાત હૈ વિઘટ જાત જ્યોં મેલા... જીવ.**
**રક્ષક કોઈ ન પૂરણ હૈ જબ આયુ-અંતકી વેલા...**
**ફૂટત પાળી બંધત નહીં જૈસે દુદ્ધર જલકા ઢેલા... જીવ.**
**તન ધન જોબન વિનશી જાત જ્યોં ઇન્દ્રજાલકા ખેલા...**
**‘ભાગચંદ’ ઈમિ લખિ કરી ભાઈ, હો સતગુરુકા ચેલા... જીવ તું.**

## પરમ શાંતિ દાતારી

# અધ્યાત્મ ભાવના

( લેખાંકઃ ૪૨ ) ( અંક ૨૭૬ થી ચાલુ )

ભગવાન શ્રી પૂજ્યપાદસ્વામીરચિત સમાધિશતક ઉપર પૂ. કાનજીસ્વામીનાં અધ્યાત્મભાવનાભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.

અહીં શિષ્ય પૂછે છે કે–પ્રભો! દેહમાં આત્મભાવનાથી જીવ ભવભ્રમણ કરે છે, અને શુદ્ધાત્મામાં જ આત્મભાવનાથી જીવ મોક્ષ પામે છે–એમ આપે સમજાવ્યું; પરંતુ આત્માને મોક્ષ પામવા માટે કોઈ બીજા ગુરુ તો જોઈએ ને? તેના ઉત્તરમાં શ્રી પૂજ્યપાદસ્વામી કહે છે કે–

नयत्यात्मानमात्मैव जन्मनिर्वाणमेव च ।
गुरुरात्मात्मनस्तस्मात् नान्योस्ति परमार्थतः ।।७५।।

આત્મા પોતે જ પોતાને પોતાના અજ્ઞાનવડે જન્મમાં ભમાવે છે, ને પોતાના ભેદજ્ઞાનવડે મોક્ષ પમાડે છે. આ રીતે પોતાના ભાવવડે પોતે જ પોતાના સંસાર કે મોક્ષને કરે છે, તેથી પરમાર્થે આત્મા પોતે જ પોતાનો ગુરુ છે, બીજા કોઈ પરમાર્થે ગુરુ નથી.

વ્યવહારમાં ગુરુ–શિષ્યનો સંબંધ છે. જે હિતોપદેશ આપીને આત્માનું કલ્યાણ કરે તે ગુરુ કહેવાય; પણ ગુરુએ જે હિતોપદેશ આપ્યો તે ઝીલ્યો કોણે? ને તે પ્રમાણે આચરણ કર્યું કોણે? આત્મા પોતે જ્યારે તે ઉપદેશ ઝીલીને, અને તે પ્રમાણે આચરણ કરીને પોતાનું કલ્યાણ પ્રગટ કરે, ત્યારે તેનું હિત થાય; આ રીતે આત્મા પોતે જ પોતાના હિતનો કર્તા હોવાથી પોતે જ પરમાર્થે પોતાનો ગુરુ છે. શ્રી ગુરુએ તો હિતોપદેશ આપ્યો, પણ તે પ્રમાણે જીવ પોતે સમજે નહિ તો?–તો તેનું હિત થાય નહિ. પોતે સમજે તો જ હિત થાય, ને તો જ શ્રીગુરુનો ઉપકાર કહેવાય. ( સમજ્યા વણ ઉપકાર શો? )

શ્રી ગુરુ તો એવો હિતોપદેશ આપે છે કે ‘અરે જીવ! તું દેહથી પાર ને રાગથી પાર ચૈતન્યતત્ત્વ છો; ચૈતન્યવીણા વગાડીને તારા આત્માને તું જગાડ; અંતર્મુખ શ્રદ્ધાવડે તારા ચૈતન્યની વીણાનો ઝણકાર કર...’ શ્રીગુરુનો આવો હિતોપદેશ સાંભળવા છતાં જીવ પોતે જાગૃત થઈને જ્યાં સુધી આત્માને પહેચાનતો નથી ત્યાં સુધી તેનો ઉદ્ધાર થતો નથી. હા, પાત્ર જીવને દેશનાલબ્ધિમાં જ્ઞાની ગુરુનું નિમિત્ત જરૂર હોય છે, પણ જે જીવ પોતાની પરિણતિ બદલાવે નહિ તેને શ્રી ગુરુ શું કરે? શ્રી ગુરુ તો ધર્માસ્તિકાયવત્ નિમિત્ત છે; પણ ભવમાં કે મોક્ષમાં જીવ પોતે જ પોતાને દોરી જાય છે. શ્રીગુરુએ ઉપદેશમાં જેવો શુદ્ધ આત્મા બતાવ્યો તેવા શુદ્ધઆત્માને પોતે

ઝીલીને અનુભવ કરે ત્યારે શ્રીગુરુની સેવા કરી કહેવાય, અને શ્રીગુરુની સેવાથી મુક્તિ પામ્યો–એમ નિમિત્તથી કહેવાય.

સમયસારની ચોથી ગાથામાં કહે છે કે વિભાવની કથા જીવોએ પૂર્વે અનંતવાર અનુભવી છે, તેનો પરિચય કર્યો છે ને તેનું શ્રવણ કર્યું છે, પણ પરથી ભિન્ન પોતાના એકત્વસ્વભાવની કથા પોતે કદી જાણી નથી, અનુભવી નથી તથા બીજા આત્મજ્ઞ–સન્તોની સેવા કરી નથી. પોતે જાણ્યું નથી ને જાણનારાની સેવા કરી નથી, –એમ બંને વાત બતાવી. એટલે જ્ઞાનીના ઉપદેશઅનુસાર પોતે પોતાના આત્માને જાણીને પોતે નિશ્ચયગુરુ થયો, ત્યારે બીજા જ્ઞાની ગુરુએ તેને આત્મા સમજાવ્યો–એવો વ્યવહાર થયો. પણ જો પોતે જાગીને આત્માને ન જાણે તો ગુરુની સંગતિનું ફળ શું? ગુરુ એને શું કરે? –એને ખરેખર ગુરુનો સંગ કર્યો નથી.

કોઈવાર બહારથી સેવા કરવાનો પ્રસંગ આવ્યો, પણ તે વખતે ય જ્ઞાનીના અંતરના આશયને પોતે સમજ્યો નહિ તેથી સમ્યક્ત્વાદિ પામ્યો નહિ, ને તેથી જ્ઞાનીની ખરેખર ઉપાસના તેણે કરી–એમ પણ કહેવામાં આવ્યું નહિ. પોતે પોતામાં અંતર્મુખ થઈને જ્ઞાન પામ્યો ત્યારે જ્ઞાનીની ખરી ઉપાસના કરી એમ કહ્યું. એટલે સ્વ–આત્માની સેવા (શ્રદ્ધા–જ્ઞાન–અનુચરણ) વડે પોતે પોતાનો પરમાર્થગુરુ જ્યારે થયો ત્યારે વ્યવહારમાં બીજા જ્ઞાની ગુરુની સેવા સાચી કરી એમ કહેવાયું. અરે જીવ! તને જ્ઞાનીની સાચી સેવા કરતાંય અનંતકાળમાં ન આવડી. એક વાર જ્ઞાનીને ઓળખીને સાચી સેવા કરે તો તે જીવ પોતે જરૂર જ્ઞાની થઈ જાય.

卐

[ ૨૪૮૨, અષાઢ વદ ૧૧, ગુરુવાર ]

નિશ્ચયથી આત્મા જ આત્માનો ગુરુ છે. સર્વજ્ઞદેવ અને જ્ઞાનીગુરુઓ મળ્યા, તેમણે આત્માના હિતનો ઉપદેશ આપ્યો, પણ જો જીવ પોતે તે સમજીને આત્મજ્ઞાન ન કરે તો દેવ કે ગુરુ શું કરે? તે પોતે સ્વતઃ પોતાના સ્વસંવેદનથી જ પોતાને પ્રકાશે છે. જેમ આકાશને રહેવા માટે બીજો કોઈ આધાર નથી, સ્વયં પોતે પોતામાં જ રહેલું છે, જેમ કાળને પરિણમવા માટે કોઈ બીજો આધાર નથી, તે સ્વયં પોતાના સ્વભાવથી જ પરિણમે છે, તેમ જ્ઞાનસ્વભાવી આત્મા સ્વયં પોતાથી જ પોતાને જાણે છે. એ રીતે જેનો જે સ્વભાવ છે તે નિરાલંબી છે. આત્માને આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે કોઈ બીજાનું અવલંબન નથી, પોતે પોતાના અવલંબનથી જ પોતાને જાણે છે. સમવસરણમાં તીર્થંકર પરમાત્મા પણ સિંહાસનથી ચાર આંગળ ઊંચે આકાશમાં નિરાલંબીપણે બિરાજે છે–

"ઊંચે ચતુરાંગુલ જિન રાજે,
ઇન્દ્રો નરેન્દ્રો મુનિરાજ ધ્યાવે;
જેવું નિરાલંબન આત્મદ્રવ્ય,
તેવો નિરાલંબન જિનદેહ."

ભગવાનનો આત્મા તો કેવળજ્ઞાન આનંદમય નિરાલંબી થઈ ગયો છે. ને દેહ પણ નિરાલંબનપણે આકાશમાં રહે છે; બધા

આત્માનો એવો નિરાલંબી સ્વભાવ છે.

હિતોપદેશક ગુરુઓનો હિતકર ઉપદેશ સાંભળીને પણ જ્યાંસુધી જીવ પોતે પરાલંબન છોડીને સ્વસન્મુખ થઈને આત્મજ્ઞાન ન કરે અને કષાયપરિણતિ પોતે ન છોડે એટલે કે પોતે પોતાના ઉદ્ધારનો પ્રયત્ન કરે નહિ ત્યાંસુધી અજ્ઞાનભાવને લીધે જીવ સંસારમાં જ રખડે છે; તે પોતે અજ્ઞાનથી પોતાને સંસારમાં દોરી જાય છે, કર્મ તેને રખડાવતું નથી. અને જ્યારે તે પોતે સ્વભાવની રુચિ કરીને જાગ્યો ને અંતર્મુખ થઈને આત્માને જાણ્યો ત્યારે તે પોતે પોતાને મોક્ષ તરફ લઈ જાય છે. ગુરુએ તો ઉપદેશ આપ્યો કે 'તું તારા સ્વભાવસન્મુખ થા, તેમાં જ તારું હિત છે'–પણ સ્વસન્મુખ થવાનું તો પોતાના હાથમાં છે; પોતે સ્વસન્મુખ થઈને મોક્ષમાર્ગે પરિણમ્યો ત્યારે વ્યવહારે એમ કહેવાય કે શ્રીગુરુ મોક્ષમાર્ગે દોરીગયા.–એ નિમિત્તથી કથન છે.

શ્રી પ્રવચનસાર ગા. ૮૦–૮૨ માં આચાર્યદેવે અલૌકિક ઘણી સરસ વાત કરી છે. ત્યાં કહે છે કે–

**जो जाणदि अरहंत दव्वत्त गुणत्त पज्जयत्तेहि।**
**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।**
**જે જાણતો અર્હંતને ગુણ-દ્રવ્ય ને પર્યયપણે,**
**તે જીવ જાણે આત્મને તસુ મોહ પામે લય ખરે.**

ભગવાન અરિહંતદેવનો આત્મા દ્રવ્યથી ગુણથી ને પર્યાયથી શુદ્ધ છે; એને જાણતાં 'હું પણ આવો જ શુદ્ધસ્વરૂપી છું' એમ પોતાના આત્માના શુદ્ધસ્વરૂપનું ભાન થાય છે એટલે કે સમ્યગ્દર્શન થાય છે ને મોહનો નાશ થાય છે.

જુઓ, આમાં પણ સ્વસન્મુખ થઈને પોતાના આત્માને ઓળખ્યો ત્યારે અરિહંતદેવની ખરી ઓળખાણ થઈ.

ત્યારપછી ૮૨ મી ગાથામાં સ્વાશ્રિત મોક્ષમાર્ગના પ્રમોદપૂર્વક આચાર્યદેવ કહે છે કે–

**सव्वेवि य अरहंता तेण विहाणेण खविद कम्मंसा।**
**किच्चा तथोवदेसं णिव्वादा ते णमो तेसिं।।**
**અર્હંત સૌ કર્મોતણો કરી નાશ એ જ વિધિ વડે,**
**ઉપદેશ પણ એમજ કરી, નિર્વૃત થયા, નમું તેમને.**

જુઓ, આ ભગવાનનો ઉપદેશ!! સ્વસન્મુખ થઈને પુરુષાર્થ કરવાનો ભગવાનનો ઉપદેશ છે. અહો, ભગવંતો! આપ સ્વાશ્રયના પુરુષાર્થ વડે મુક્તિ પામ્યા અને દિવ્યધ્વનિમાં પણ આપે સ્વાશ્રયના પુરુષાર્થનો જ ઉપદેશ કર્યો છે. અહો, નાથ! સ્વાશ્રયનો આપનો ઉપદેશ અમને મળ્યો, આપને નમસ્કાર હો! આપના માર્ગે અમે પણ ચાલ્યા આવીએ છીએ.

પરમાર્થે તો આત્મા પોતે પોતાના સ્વાશ્રયથી જ મુક્તિ પામે છે તેથી પોતે જ પોતાનો દેવ ને પોતે જ પોતાનો ગુરુ છે, અને જેમણે સ્વાશ્રયનો ઉપદેશ આપ્યો એવા સર્વજ્ઞદેવ તથા જ્ઞાનીગુરુઓ તે વ્યવહારથી દેવગુરુ છે, એટલે તેમના પ્રત્યે વિનયબહુમાન કરે છે. આ રીતે સ્વાશ્રયનો પ્રયત્ન કરનાર જીવ નિમિત્તરૂપ દેવ–ગુરુ વગેરેનો પણ જેમ છે તેમ વિવેક કરે છે. પરંતુ બંધમાં કે મોક્ષમાં આત્મા પોતે જ પોતાને પરિણમાવે છે, બીજો કોઈ તેના બંધ–મોક્ષનો કર્તા નથી. ( ૭૫ )

# દશ પ્રશ્ન દશ ઉત્તર
## ( ગુરુદેવના પ્રવચનમાંથી )

પ્રઃ– મોક્ષમહેલમાં જવાની સીધી સડક કઈ?

ઉઃ– આત્માના આનંદનો નિર્વિકલ્પ અનુભવ તે મોક્ષની સીધી સડક છે.

પ્રઃ– મુનિન્દ્રોના ચિત્તકમળમાં કોનો વાસ છે?

ઉઃ– અત્યંત સૌખ્યસ્વરૂપ એવું શુદ્ધ પરમાત્મતત્ત્વ મુનિન્દ્રોના ચિત્તકમળમાં વસે છે.

પ્રઃ– જ્ઞાનીના ચિત્તકમળમાં કોણ વસે છે?

ઉઃ– જ્ઞાનીના જ્ઞાનકમળમાં પણ એ પરમાત્મતત્ત્વ જ વસે છે. માછલું કે દેડકું અંતરાત્મા હોય તો તેના જ્ઞાનકમળમાં પણ એ પરમાત્મતત્ત્વ જ વસે છે.

પ્રઃ– આત્મામાં શું ભર્યું છે?

ઉઃ– અતીન્દ્રિય આનંદના સમુદ્રો આત્મામાં ભર્યા છે.

પ્રઃ– જગતમાં સર્વોત્કૃષ્ટ કળા કઈ?

ઉઃ– જેના વડે પરમાત્મતત્ત્વ જણાય એવી અધ્યાત્મકળા એ જ સર્વોત્કૃષ્ટ કળા છે.

પ્રઃ– મોક્ષની પરીક્ષામાં પાસ કોણ? નાપાસ કોણ?

ઉઃ– જેના વડે પરમાત્મતત્ત્વ જણાય એવી ભેદજ્ઞાન–વિદ્યા જેને આવડે તે પાસ; બાકી બધા નાપાસ.

પ્રઃ– જીવે કયા કાર્યની હોંશ કરવી?

ઉઃ– પોતાના સ્વરૂપને સાધવાની હોંશ કરવી; બહારના ભાવોની હોંશ ન કરવી.

પ્રઃ– અજ્ઞાની પાસે જુનામાં જુનું કર્મ કેટલા કાળ પહેલાનું હોય?

ઉઃ– વધુમાં વધુ ૭ ચોવીસી જેટલું ( ૭૦ કોડાકોડી સાગર ) જુનું કર્મ હોઈ શકે. એથી વધારે જુનું કોઈ કર્મ કોઈજીવ પાસે હોય નહિ. અને આત્મબળવડે જીવ તે બધા કર્મોને અલ્પકાળમાં તોડી નાંખે એવી જીવની તાકાત છે.

પ્રઃ– આત્મા પાસે ક્યારે જવાય?

ઉઃ– બધા વિકલ્પોથી નવરો થાય, ને નિર્વિકલ્પ થઈને અંદર જાય ત્યારે આત્મા જણાય. વિકલ્પ પાસે રોકાઈ રહે તો આત્મા પાસે ક્યાંથી આવે?

પ્રઃ– જીવને વિરલ શું છે?

ઉઃ– શુદ્ધાત્મતત્ત્વના ઉપદેશનું શ્રવણ, તેનો પ્રેમ, તેની લગની ને તેનો અનુભવ જીવને વિરલ છે.

जय जिनेन्द्र

# ‘ગુણપ્રમોદ અતિશય રહે... રહે અંતર્મુખ યોગ’

**ગુણીજનોના ગુણગાનનું આ દશક સત્સંગની પ્રેરણા આપનારું ને ગુણની પુષ્ટિ કરનારું હોવાથી સૌને ગમશે.**

## ( ૧ ) ગુણની પ્રાપ્તિ

સમ્યગ્દ્રષ્ટિને જ્યાં પોતાના અનંત આત્મિક ગુણોનું સ્વામીત્વ પ્રગટયું ત્યાં વિકારનું સ્વામીત્વ તેને કેમ રહે? ગુણની પ્રાપ્તિ જેને થઈ તે દોષનો સ્વામી કેમ થાય? અહા, અનંતગુણનિધાન આત્મા જેણે દેખ્યો તેના આહ્‌લાદની શી વાત!

卐

## ( ૨ ) ગુણની પુષ્ટિ

ધર્માત્મા–ગુણીજનોના આશ્રયનો જેને ભાવ છે તેના ભાવમાં ગુણની વૃદ્ધિ થાય છે ને દોષની હાની થાય છે. ધર્માત્માના સમ્યક્ત્વ–વૈરાગ્ય વગેરે ગુણો પ્રત્યેની પરમપ્રીતિ–બહુમાન તે મુમુક્ષુને પણ તેવા ગુણોની પ્રાપ્તિનું ને પુષ્ટિનું કારણ થાય છે.

卐

## ( ૩ ) ગુણની પ્રીતિ

ગુણ અને દોષ વચ્ચે જેને વિવેક છે એટલે જેને ગુણ ગમે છે ને દોષ નથી ગમતા તે જીવ જ્યાં ગુણને દેખે ત્યાં ઉત્સાહથી જાય છે એટલે કે ગુણીજનોનો સત્સંગ તેને ગમે છે, દોષનો પોષક એવો કુસંગ તેને ગમતો નથી.

卐

## ( ૪ ) ગુણીજનોની છાયામાં વસવું

પ્રવચનસારમાં ગુણીજનોના સત્સંગનો ઉપદેશ આપતાં શ્રમણને સંબોધીને કહે છે કે જો શ્રમણ દુઃખથી પરિમુક્ત થવા ઈચ્છતો હોય તો તે સમાનગુણવાળા શ્રમણના સંગમાં અથવા

અધિક ગુણવાળા શ્રમણના સંગમાં નિત્ય વસો. સમાનગુણવાળાના સંગથી ગુણની રક્ષા થાય છે ને અધિકગુણવાળાના સંગથી ગુણની વૃદ્ધિ થાય છે. ( આ વાત બધા મુમુક્ષુને લાગુ પડે છે. )

卐

## ( ૫ ) સત્પુરુષની પ્રસન્નતા

શ્રીમદ્ રાજચંદ્રજી જગત કરતાં સત્પુરુષનો વિશેષ મહિમા બતાવતાં કહે છે કે–

**દેવ-દેવીની તુષમાનતાને શું કરીશું ?**
**જગતની તુષમાનતાને શું કરીશું ?**
**તુષમાનતા સત્પુરુષની ઈચ્છો.**

卐

## ( ૬ ) આત્મજ્ઞસંતોની ઉપાસના

**જીવે આત્માનું શુદ્ધ એકત્વસ્વરૂપ કદી જાણ્યું નથી, અને તે એકત્વસ્વરૂપને અનુભવનારા આત્મજ્ઞસન્તની ઉપાસના કદી કરી નથી. જો આત્મજ્ઞપુરુષને ઓળખીને તેની ઉપાસના કરે તો પોતાને પણ એકત્વસ્વરૂપની અનુભૂતિ થાય જ. એકત્વસ્વભાવના અતીન્દ્રિય આનંદના પ્રચુર સંવેદનરૂપ આત્મવૈભવ જેમને પ્રગટયો છે એવા સંતો આત્માનું એકત્વસ્વરૂપ દેખાડે છે, તેને ઓળખતાં આત્મવૈભવ પ્રગટે છે. આત્મજ્ઞસંતની ઉપાસના કરે અને આત્મવૈભવ ન પ્રગટે એમ બને નહિ.**

卐

## ( ૭ ) ગુણની અનુમોદના

ગુણીજનનું અનુમોદન કરનાર આગળ વધે છે; ઈર્ષા કરનાર અટકી જાય છે.

* ગુણની જેણે ઈર્ષા કરી તેને દોષ વહાલા લાગ્યા,
  એટલે તે તો દોષમાં અટકી જશે.
* ગુણની જેણે અનુમોદના કરી તેને ગુણ વહાલા લાગ્યા,
  એટલે તે દોષથી પાછો ફરીને ગુણમાં આગળ વધે છે.

卐

## ( ૮ ) गुणीषु प्रमोदं

સમ્યક્ત્વાદિ રત્નત્રયગુણના ધારક એવા ગુણીજનો પ્રત્યે ધર્મીને પ્રમોદ હોય છે; એ રત્નત્રયને તથા તેના આરાધક ગુણીજનોને દેખીને તેને અંતરમાં પ્રેમ–હર્ષ–ઉત્સાહ ને બહુમાન જાગે છે, તેને વાત્સલ્ય ઉલ્લસે છે. ગુણીજનો પ્રત્યે જેને પ્રમોદ ન આવે, તો સમજવું કે તે જીવને ગુણના મહિમાની ખબર નથી, તેને પોતામાં ગુણ પ્રગટયા નથી. પોતામાં જેને ગુણ પ્રગટયા હોય તેને તેવા ગુણ બીજામાં દેખતાં પ્રમોદ આવ્યા વિના રહે નહિ.

## ( ૯ ) ગુણીજનોનો સંગ

ભગવતી આરાધનામાં કહે છે કે ચરિત્રરહિત તથા જ્ઞાનદર્શનથી રહિત એવા ભ્રષ્ટ મુનિઓ લાખો કરોડો હોય તો પણ તેના કરતાં સુશીલ એવા ઉત્તમ આચારના ધારક એક જ હોય તે શ્રેષ્ઠ છે; કેમ કે સુશીલ એવા જે ભાવલિંગી તેના આશ્રયે શીલ એટલે કે દર્શન–જ્ઞાન–ચારિત્ર વૃદ્ધિને પામે છે. ( ભાવાર્થ– ) જેનાથી સત્યાર્થ ધર્મ પ્રવર્તે તે તો એક પણ શ્રેષ્ઠ છે; અને જેનાથી સત્યાર્થ ધર્મ નષ્ટ હોય, વિપરીત માર્ગે પ્રવર્તે એવા લાખો–કરોડો પણ શ્રેષ્ઠ નથી.

( ભગવતી આરાધના–ગા. ૩૫૯ )

## ( ૧૦ ) ગુણીજનોના આશ્રયે ગુણની પુષ્ટિ થાય છે.

કોઈ એમ કહે કે, સત્યાર્થ સંયમી તો અમારો આદર કરતા નથી, ને પાર્શ્વસ્થ ( ભ્રષ્ટ ) મુનિ બહુ આદર કરે છે, પ્રીતિ કરે છે! –તો તેને કહે છે કે હે ભાઈ! દુર્જન વડે કરવામાં આવતી જે પૂજા –આદર તેના કરતાં સંયમી જનો વડે કરવામાં આવતું અપમાન પણ શ્રેષ્ઠ છે. કેમ કે દુર્જનની સંગતિ તો આત્માના જ્ઞાન–દર્શનનો નાશ કરે છે,ને સંયમીઓની સંગતિ આત્માના જ્ઞાન–દર્શનાદિક સ્વભાવને પ્રગટ કરે છે. ઊજવળકરે છે.

( ભગવતી આરાધના ગા. ૩૬૦ )

**માટે શ્રેષ્ઠ ગુણધારક સન્તજનોનો જ આશ્રય કરો એવો ઉપદેશ છે.**

**“આત્મહિતકર સત્સંગનો જય હો”**

# અનુભવનો...ઉપદેશ

માતાની જેમ વાત્સલ્યથી હિતની શિખામણ આપતાં આચાર્યદેવ કહે છે કે હે ભાઈ! આવો અવસર પામીને તું દેહાદિથી ભિન્ન તારા ચૈતન્યતત્ત્વને દેખ. જીવનમાં આ જ કરવા જેવું છે. અરે, તેં દુનિયાને દેખી, પણ દેખનારા એવા તને પોતાને તેં ન દેખ્યો. પરની પ્રસિદ્ધિ કરી પણ પોતાની પ્રસિદ્ધિ ન કરી. અહા, ચૈતન્યતત્ત્વ એવા આનંદથી ભરેલું છે કે જેના સ્મરણમાત્રથી શાંતિ મળે, તો તેના સીધા અનુભવના આનંદની તો શી વાત? પોતે પોતાને જાણતાં પરમ આનંદ થાય છે. અરે, આત્માના અનુભવનો આવો સરસ યોગ ને આવો ઉત્તમ ઉપદેશ, તે પામીને હવે ઉત્કૃષ્ટ પ્રયત્નવડે આત્માને અનુભવમાં લે...એકવાર આત્માની ખુમારી ચડાવીને ઉદ્યમ કર.

(સમયસાર કલશ : ૨૩ ઉપરના પ્રવચનમાંથી)

卐

ભાઈ, તને આનંદસહિત આત્માનો અનુભવ થાય ને તારો મોહ તૂટે–એવી વાત સંતો તને સંભળાવે છે.

હે ભાઈ! આ ચૈતન્યત્ત્વ અંદરમાં દેહથી ભિન્ન, આનંદથી ભરેલું કેવું છે તેનો અનુભવ કરવા માટે તું કુતૂહલ કર...જગતના બાહ્યપદાર્થોમાં તને આશ્ચર્ય લાગે છે ને તેને જોવાનું કુતૂહલ થાય છે, પણ અંદરમાં ચૈતન્યતત્ત્વ મહા આશ્ચર્યકારી છે તેને જાણવાનું કુતૂહલ કર. બહારના પદાર્થોને તો જાણવામાં કાંઈ આનંદ નથી, અંદર ચૈતન્યતત્ત્વ એવું છે કે જેને જાણતાં આનંદ થાય છે. અહો, આવું આનંદકારી ચૈતન્યતત્ત્વ તેને જાણવા માટે એકવાર તો એવી દરકાર કર–કે મરણ જેટલાં કષ્ટ આવે તોપણ તેના અનુભવનો પ્રયત્ન છૂટે નહિ.

અરે, જગતની ચાહના છોડીને ચૈતન્યની ચાહના તો કર. આ જગતના પદાર્થોને જાણવામાં તને કુતૂહલ થાય છે પણ એ બધાયનો જાણનારો તું પોતે કોણ છો? તેને જાણવામાં તો જિજ્ઞાસા કર. અનંતકાળથી નહિ જાણેલું આવું આ ગુપ્ત ચૈતન્યતત્ત્વ, તેને જાણવા માટે અંદર ડોકિયું તો કર. અહા, અંદર આનંદથી વિલસી રહેલું ચૈતન્યતત્ત્વ જોતાં જ પરદ્રવ્યો ઉપરથી તારો મોહ છૂટી જશે, પરદ્રવ્ય મારું એવી તારી મોહબુદ્ધિ

છૂટી જશે ને તને તારું ચૈતન્યતત્ત્વ પરદ્રવ્યોથી જાુદું વિલસતું–શોભતું દેખાશે. ભગવાને જેવો ઉપયોગસ્વરૂપ આત્મા જોયો છે તેવો આત્મા તારા અંતરમાં વિલસી રહ્યો છે.

“મરીને પણ તું આવા તત્ત્વને દેખ” એટલે એવો ઊગ્ર પ્રયત્ન કર કે મરણ જેટલી પ્રતિકૂળતા ઊભી થાય તોપણ દેહથી જાુદા આત્માને અંતરમાં દેખવાની ધગશ છૂટે નહિ. “મરીને પણ” એટલે આત્માને તો કાંઈ મરણ નથી, પરંતુ મરીને પણ એટલે કે દેહની દરકાર છોડીને, દેહથી ભિન્ન આત્માને જાણવાની દરકાર કર. દેહની જેટલી દરકાર કરી તેના કરતાં અનંતગુણી આત્માની દરકાર કરીને આત્માને જાણ. આવો પ્રયત્ન કરીશ તો જરૂર અંદર તને દેહથી જાુદો આત્માનો વિલાસ દેખાશે;–કે જેને જોતાં જ તારો દેહ સાથે એકમેકપણાનો મોહ તરત જ છૂટી જશે. અરે જીવ! તું વિચાર તો કર કે–

## “હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?”

શું આ દેહ હું છું? શું લક્ષ્મી હું છું? શું આ કુટુંબ વગેરે હું છું?–નહિ; એ તો બધા સંયોગી પદાર્થો છે, તે તો આવે છે ને પાછા ચાલ્યા જાય છે; આત્મા તો સદા ટકનાર અસંયોગી વસ્તુ છે. કોઈ સંયોગમાં એનું સુખ નથી. સુખસ્વરૂપ તો આત્મા પોતે જ છે. બહારમાંથી સુખ શોધવા જતાં પોતે પોતાના સુખસ્વભાવને ભૂલી જાય છે. ભાઈ, સુખ તો કાંઈ બીજામાંથી આવે? સુખસ્વરૂપ તો આત્મા પોતે છે, પોતે પોતાને જાણતાં આનંદ થાય છે. પણ એને માટે આ દુનિયાની દરકાર છોડીને ચૈતન્યદરિયામાં ડુબકી માર.

અરે, તેં દુનિયાને દેખી, પણ દેખનારા એવા તને પોતાને તેં ન દેખ્યો! પરની પ્રસિદ્ધિ કરી કે ‘આ છે’ પણ પોતાની પ્રસિદ્ધિ ન કરી કે– ‘આ જાણનારો હું છું’. જાણનારને જાણ્યા વગર આનંદ થાય નહિ. અહા, ચૈતન્યતત્ત્વ એવા આનંદથી ભરેલું છે કે જેના સ્મરણમાત્રથી પણ શાંતિ મળે, તો તેના સીધા અનુભવના આનંદની તો શી વાત?

તારો આત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન છે, તે મૂર્તદ્રવ્યોથી જાુદો છે, રાગથી જાુદો છે. મૂર્તદ્રવ્યોનો તું પાડોશી થઈ જા. પાડોશી એટલે જાુદો; ચૈતન્યપ્રકાશની અપેક્ષાએ રાગ પણ અચેતન છે, તે પણ ચૈતન્ય સાથે એકમેક નથી પણ ભિન્ન છે. શરીર અને રાગ બધાને એકકોર એકબાજાુ રાખીને, આ બાજાુ બધાથી ભિન્ન તારા ચૈતન્યતત્ત્વને દેખ; અરે, આત્માના અનુભવનો આવો સરસ યોગ, ને ભેદજ્ઞાનનો આવો ઉત્તમ ઉપદેશ, તે પામીને હવે એકવાર આત્માને અનુભવમાં લે; ઉત્કૃષ્ટ પ્રયત્ન કરીને આત્માને દેહાદિથી ભિન્ન જાણ.

# વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

## ( વાંચકોના વિચારને રજૂ કરતો સૌનો પ્રિય વિભાગ )

“છોટે બચ્ચોંકો શિક્ષા ( ધાર્મિક શિક્ષણ ) દેનેકે લિયે યહ નીતિ બડી અચ્છી હૈ” –બાલવિભાગને માટે આ પ્રશસ્ત ઉદ્‌ગાર શ્રી. દીપચંદજી શેઠીયાજીના છે. તેઓ હમણાં સોનગઢ આવ્યા હતા. તેમના પૌત્રી પ્રતિભાબેન બાલવિભાગના સભ્ય છે ને ખૂબ ઉત્સાહથી ભાગ લઈ રહ્યા છે.

* પૂર જોશે આગળ વધતા આનંદકારી બાલવિભાગમાં મને ઘણો જ રસ અને જાણવાની જિજ્ઞાસા છે. માટે સભ્યમાં મારું નામ દાખલ કરશો.

* ભાવનગરથી એક બહેન લખે છે કે હું કોલેજમાં ભણું છું પરંતુ મને બાલવિભાગમાં બહુ રસ છે, અને રસપૂર્વક આત્મધર્મનું અધ્યયન કરું છું. ( No 755 )

* ઘણા સભ્યો લખે છે કે આત્મધર્મ વાંચીને આનંદ ઊછળે છે; ને હવે અમે આખું આત્મધર્મ વાંચીએ છીએ. દીવાળીની ભેટમાં મહાવીર ભગવાનનું પુસ્તક મળ્યું તે વાંચીને બહુ જ આનંદ થયો. દીવાળીની ભેટમાં આવું સરસ પુસ્તક અમને મળ્યું તેથી ઘણા ખુશી થયા છીએ.

* જેતપુરથી મુકેશકુમાર જૈન ( No. 185 )ઉત્સાહ વ્યક્ત કરતાં લાંબા પત્રમાં લખે છે કે આત્મધર્મના અંકો વાંચીને ધર્મ–સંબંધી ઘણું જ્ઞાન મળે છે. મારા જેવા લગભગ પંદરહજાર વિદ્યાર્થીઓ હોંશથી આત્મધર્મ વાંચીને જ્ઞાન મેળવે છે. ગુરુદેવના પ્રવચનમાંથી દશધર્મનું સ્વરૂપ વાંચતાં ઘણો આનંદ થયો. આવી અમૃતસમાન વાણીની જીવનમાં ઘણી અગત્યતા છે.

વળી તેઓ લખે છે કે “ભગવાન ઋષભદેવ જેવા મહાન ધર્મપુરુષની આવી સરસ કથાએ વાંચકોના દિલ જીતી લીધા છે. સાથે સાથે આત્મધર્મમાં હમણાં જે સુંદર ચિત્રો આવે છે તે પણ ઘણા બોધદાયક હોવાથી જોઈને આનંદ થાય છે. તે ચિત્રોવડે ઘણું જાણવાનું મળે છે. બાળકોને ચિત્રો જોવા બહુ જ ગમે છે; તેથી મારી વિનંતી છે કે બને તેટલા વધુ ચિત્રો આપશો.”

“વાંચકો સાથે વાતચિત” દ્વારા પંદરસો બાલમિત્રોની સાથે તથા સર્વે વાંચકો સાથે સંપર્ક ધરાવો છો, તે આત્મધર્મની ને બાલવિભાગની સફળતાનું મૂળ છે, તેથી આ વિભાગ અમને બહુ ગમે છે.

ખરેખર આખું આત્મધર્મ જ જ્યાં સુંદર છે ત્યાં તેના ક્યા વિભાગના વખાણ કરું ? ને ક્યા વિભાગના ન કરું ?

**હજારો બાલમિત્રોમાં બચપણથી જ ધર્મનાં બીજ રોપવાનો જે પ્રયત્ન કરી રહ્યા છો તે ઘણું પ્રશંસનીય છે.**

( આટલું લખ્યા પછી પત્રલેખકભાઈએ આત્મધર્મ પાક્ષિક થાય એવી ભાવના વ્યક્ત કરી છે. )

ભાઈશ્રી, આત્મધર્મને પાક્ષિક બનાવવાની જરૂર છે તે સાચી વાત છે, સંસ્થાએ પણ તે ધ્યેય સ્વીકાર્યું છે, પણ તેનો અમલ કરવો એ સંસ્થાના અધિકારીઓના હાથમાં છે. આપણે સૌ ભાવના ભાવીએ, બાકી આપના જેવા હજારો જિજ્ઞાસુઓ ઉત્સાહભેર ધાર્મિક અભ્યાસમાં જે રસ લઈ રહ્યા છો તે જ આત્મધર્મના પ્રોત્સાહનનું કારણ છે. અને આ બધાયનું મૂળ પ્રેરણા–સ્થાન તો ગુરુદેવ છે–કે જેઓ આપણા જીવનનું માર્ગદર્શન કરીને ઉન્નત્તિમાર્ગે લઈ જાય છે.

પ્રઃ– ઉત્તમ અંગોમેં ગંધોદક ક્યોં લગાયા જાતા હૈ ઔર તિલક ક્યોં કિયા જાતા હૈ? (નં. ૩૧૮)

ઉઃ– ગંધોદક એટલે ભગવાનના અભિષેકનું પાણી; તેને ભક્તિપૂર્વક મસ્તકે ચડાવીને આપણે ભગવાનનું બહુમાન કરીએ છીએ, અને ભાવના ભાવીએ છીએ કે હે પ્રભો! આપ તો પવિત્ર છો જ, ને આપના ચરણોથી સ્પર્શાયેલા આ પવિત્ર જળને મારા મસ્તકે ચઢાવીને હું મારા કલંકને ધોઈ નાંખું છું. અને આપના દર્શનથી જાણે કે મને મોક્ષનું યુવરાજપદ મળ્યું હોય એવા આનંદપૂર્વક હું આ તિલક કરું છું.

જિનમંદિરની કોઈ વસ્તુ શ્રાવકે લેવાય નહિ; પરંતુ બે વસ્તુ લેવાની છૂટઃ એક તો ગંધોદક અને બીજાું ચંદન (તિલક માટે.)

પ્રઃ– ધ્યાન ક્યોં ઔર કૈસે લગાયા જાતા હૈ?

ઉઃ– ધ્યાન આત્માકે આનંદકે લિયે કિયા જાતા હૈ; અને આખા જગતથી વિમુખ થઈને ને નિજસ્વભાવની સન્મુખ થઈને ધ્યાન થાય છે. વિશેષ સ્પષ્ટતાકે લિયે બાહુબલી ભગવાનકો થોડી દેર તક દેખલો!

સાત વર્ષના એક સભ્ય પૂછે છે કે મેરેકો અભી સમ્યગ્દર્શન હો સકતા હૈ ક્યા? ભૈયા! ધર્મકાળ વખતે તો આ ભરતભૂમિમાં આરાધક જીવો અવતરતા; ને તમારા કરતાંય નાની ઉંમરમાં સમ્યગ્દર્શનસહિત પા–પા પગલી માંડીને આ પૃથ્વીને પાવન કરતા હતા. આ ભવમાં સમ્યક્ત્વની અખંડ આરાધના પ્રાપ્ત કરશો તો ભવિષ્યના ભવમાં સમ્યક્ત્વ માટે તમારે ૮ વર્ષના થવાની રાહ જોવી નહિ પડે. અત્યારે તો જરાક ધીરજ રાખીને ધર્માત્માની સેવા કરો.

પ્રઃ– સુખી કેમ થવાય?

ઉઃ– આપણા આત્મામાં સુખ ભર્યું છે, તેને ઓળખવાથી સુખી થવાય.

પ્રઃ– આત્માને કઈ રીતે ઓળખવો?

ઉઃ– જ્ઞાનીના સત્સંગે ભેદજ્ઞાનના ઉગ્ર અભ્યાસ વડે ને સાચી આત્મલગની વડે આત્મા ઓળખાય.

બંધુઓ,

બાલવિભાગના સભ્યને તેના જન્મદિવસે બાલવિભાગ તરફથી એક અભિનંદનકાર્ડ તથા નાનકડી ભેટરૂપે એક ફોટો મોકલીએ છીએ. પણ કેટલાક સભ્યોના જન્મદિવસની નોંધ અમારી પાસે નથી, તો સભ્યનંબર સહિત આપનો જન્મદિવસ લખી મોકલશો. ગુજરાતી તિથિ પ્રમાણે લખી શકાય તો સારું, ને તિથિ ન મળે તો તારીખ લખવી. સાથે પૂરું સરનામું લખવું.

## આભાર અને વિનંતી

બાલવિભાગના ઘણા સભ્યો તરફથી જન્મદિવસની ખુશાલીમાં ભેટની રકમો સંસ્થાને મળી છે તેમજ જિજ્ઞાસુઓ તરફથી બીજી પણ સેંકડો રૂપિયાની રકમો આત્મધર્મના વિકાસ માટે મળી છે–તે બદલ સૌનો આભાર! ખાસ કરીને નાનકડા બાળકો નાની રકમદ્વારા પણ જે ધાર્મિક ઉત્સાહ તથા આત્મધર્મ પ્રત્યેની લાગણી વ્યક્ત કરી રહ્યા છે તે પ્રશંસનીય છે. (આ બધી રકમોની યાદી અગાઉ આપણે આત્મધર્મમાં આપતા; પણ હમણાં તે યાદી મળી શક્તી ન હોવાથી આપી શક્તા નથી. બાળકોની નાની રકમને, નાની ન ગણતાં તેની પાછળની ભાવના ઘણી મહાન છે–એમ ગણીને પૂર્વવત તેની યાદી આપવાનું ચાલુ રાખવામાં આવે ને એ રીતે બાળકોની ધાર્મિક લાગણીને પ્રોત્સાહન આપવામાં આવે એવી હજારો બાળકો વતી સંસ્થાને વિનંતી કરીએ છીએ.

મદ્રાસથી સ. નં. ૭૨૦ લખે છે–જન્મદિવસે મળેલી ભેટમાં વહાલા વિદેહીનાથના દર્શન કરતાં ઘણો જ આનંદ થયો. સોનગઢમાં બિરાજતા સીમંધરપ્રભુના મને અહીં દૂર દેશમાં બેઠાબેઠા મારા જન્મદિવસે દર્શન થયા તેથી ઘણો આનંદ થયો. મારા વડીલોને અને વિદ્યાર્થીમિત્રોને આ ભેટ દેખાડી, તે જોઈને સૌ પ્રસન્ન થયા, ને આપણા બાલવિભાગની સૌએ પ્રશંસા કરી.

(તમારા મિત્રના સભ્ય થવા બાબત પૂછ્યું, તેમને ધર્મના અભ્યાસનો પ્રેમ હોય તો તે ખુશીથી સભ્ય થઈ શકે છે.)

## બાળકોને જૈનસંસ્કારની જરૂર

પ્રશ્નઃ– ઈશ્વર આ જગતના કર્તા નથી, તો કઈ રીતે છે! તે બાળકોની સમજમાં આવે તે રીતે સમજાવશો. (No. 1575)

ઉત્તરઃ– ભાઈ, આ પ્રશ્ન ઘણાને ઊઠે છે ને આ વાત દરેકે દરેક જૈનબાળકે ખાસ સમજવાની છે. 'ઈશ્વર' નું સ્વરૂપ ઓળખશો તો તરત સહેલાઈથી સમજાઈ જશે કે તે ઈશ્વર આ જગતના કર્તા નથી. અહીં ટૂંકમાં સમજાવીએ પ્રથમ તો ઈશ્વર એટલે શું? આત્માની પૂર્ણ શક્તિ જેને પ્રગટી ગઈ હોય, શુદ્ધસ્વભાવ જેને ખીલી ગયો હોય તેને ઈશ્વર કહેવાય છે. એટલે સિદ્ધભગવાન અને અરિહંત ભગવાન તે ઈશ્વર છે. ઋષભદેવભગવાન, મહાવીરભગવાન, રામચંદ્રભગવાન, સીમંધરભગવાન–એ બધાય ઈશ્વરો છે. આવા ઈશ્વરને 'મુક્તજીવ' કહેવાય છે. આપણે આત્માને ઓળખીને મોક્ષ પામીએ તો આપણે પણ ઈશ્વર થઈએ.

હવે આવા ઈશ્વર તો મુક્ત છે, એમને રાગ–દ્વેષ જરાય હોતા નથી; તો પછી અમથા અમથા જગતને બનાવવાની ઉપાધિ તે શા માટે લ્યે? ઈશ્વર તો પરમ વીતરાગ, તે જગતમાં નરકને, સર્પને, વીંછીને, કે કસાઈ વગેરેને શા માટે બનાવે? માટે ઈશ્વર તો પોતે પોતાના શુદ્ધ સ્વરૂપમાં રહેનારા છે, તે જગતના કર્તા નથી.

બીજું– 'જગત' એટલે શું? તે સમજીએ તોપણ તરત ખ્યાલમાં આવી જશે કે આ જગતને કોઈએ બનાવ્યું નથી. 'જગત' એટલે ઘણાય જીવ અને અજીવ પદાર્થોનો સમૂહ. તે જીવ અને અજીવ બધાય પદાર્થો સ્વયંસિદ્ધ સદાય

અસ્તિત્વવાળાં છે. ને દરેક જીવ પોતપોતાના કરેલા કર્મઅનુસાર એક ગતિમાંથી બીજી ગતિમાં પોતાની મેળે જાય છે ને સુખ–દુઃખને ભોગવે છે. આ રીતે જીવ પોતે જ પોતાના સુખદુઃખને કરે છે, કોઈ ઈશ્વર તેને દુઃખ કે સુખ આપતા નથી. ઈશ્વર આખા જગતને જાણે છે ખરા પણ જગતનું કાંઈ કરતા નથી.

બંધુઓ, જો આપણે પણ પરમેશ્વર થવું હોય એટલે કે મુક્ત થવું હોય, તો આપણે જ્ઞાનસ્વરૂપને ઓળખવું જોઈએ ને પરના કર્તૃત્વની બુદ્ધિ છોડવી જોઈએ. (જેમ આપણા કર્તા બીજા નથી, તેમ બીજાના કર્તા આપણે નથી.)

અહીં એક પ્રસંગ યાદ આવી જાય છે–બનારસમાં એકવાર એક જૈન–પંડિતજીએ પોતાની આઠ–દશ વર્ષની બાળકીને પૂછયું–બેટી! તુઝે કિસને બનાઈ? બાળકીએ જવાબ આપ્યો કે ભગવાનને મુઝે બનાઈ!–એ સાંભળ્યું ને પંડિતજી ચોંકી ઊઠયા. અરે! જૈનબાળકને આ સંસ્કાર!! અને પછી તો જૈનધર્મના મૂળ સંસ્કારમાં કુઠારઘાત સમાન એવા સંસ્કારો બાળકોમાં ન પડે તે માટે તેમણે પોતાની લડકીને સ્કૂલ છોડાવીને ઘરે જ અભ્યાસ કરાવ્યો.

જોકે આજે પણ હજી એ સ્થિતિમાં બહુ ઝાઝો ફેર નથી. છતાં પૂ. ગુરુદેવના પ્રતાપે આજે જૈનત્વ જાગી ઊઠયું છે, જૈન બાળકો પણ જાગવા માંડયા છે; ને આપણે બાલવિભાગ દ્વારા બાળકોમાં નાનપણથી જ સાચા ધાર્મિક સંસ્કારો રેડવાની ઝુંબેશ ચલાવી રહ્યા છીએ. જેથી આ કળિયુગના ધર્મવિરુદ્ધ સંસ્કારોથી આપણાં બાળકો નાનપણથી જ બચી શકે, ને જૈનધર્મના મૂળભૂત સંસ્કારનું તેનામાં સીંચન થાય. આ નાનકડા છતાં અત્યંત આવશ્યક કાર્યમાં જો સૌ સાધર્મીઓને વડીલો ઉત્સાહથી આશીર્વાદ અને સહકાર આપે તો આપણા આજનાં બાલુડાં મોટા થશે ત્યારે જૈનધર્મના સંસ્કારવડે જૈનશાસનને જરૂર શોભાવશે.

જૈન બાળકોને ધર્મના સંસ્કારો આપવા માટે જૈનસમાજના બધા ફિરકા કેવા એકમત છે, અને તે બધામાં પણ આત્મધર્મના બાલવિભાગનું કેવું અગ્રસ્થાન છે–તે આપણને 'સ્થાનકવાસી જૈન' પત્રના સંપાદકજીના નીચેના શબ્દોથી ખ્યાલમાં આવશે. તેઓ લખે છે કે–"

"સોનગઢથી પ્રગટ થતાં આત્મધર્મ–માસિકમાં બાલવિભાગ શરૂ કરીને ઘણું સરલ માસિક બનાવવામાં આવેલ છે. પુલરુપે ૧૬૦૦ જેટલા બાલસભ્યો થયા છે. બાલવિભાગમાં સારું એવું દાન પણ મળી રહ્યું છે. દેરાવાસી સમાજમાં પણ એક સ્વતંત્ર માસિક કુમારો માટે પ્રગટ થાય છે, તથા સુઘોષામાં પણ બાલવિભાગ આપવામાં આવે છે. દરેકમાં બાળકો–કુમારો સારો રસ લઈને ધર્મની વાતો જાણતા થયા છે...આપણા સન્તાનોને ધર્મવાન બનાવવા હોય તો આવા માસિકની જરૂર છે યા નહીં? અને હોય તો **અત્યાર સુધી બાળકો પ્રતિ ઉપેક્ષા કેમ?**"

ખરું જ છે કે બાળકોને ધર્મના સંસ્કાર આપવામાં જરા પણ ઉપેક્ષા કરવા જેવી નથી. સ્કુલનું વિશેષ ભણતર એને મળે કે ન મળે પણ ધાર્મિક સંસ્કાર તો તેને જરૂર મળવા જ જોઈએ–એવું તેનું મહત્વ સ્વીકારીને બાળકોને ધર્મ સંસ્કાર આપવા માટે સૌએ જાગૃત થવાની જરૂર છે, ને તેવી પ્રવૃત્તિઓમાં સૌએ ઉત્સાહથી સાથ આપવા જેવું છે. जय जिनेन्द्र

## ભરવાડમાંથી ભગવાન-

[ ૨ ]

તે ભદ્રિક ગોવાળને વનમાંથી શાસ્ત્ર મળ્યું, તે શાસ્ત્ર અત્યંત ભક્તિપૂર્વક તેણે મુનિરાજને વોરાવ્યું; એ વખતે જ્ઞાનના બહુમાનના ભાવો એને જાગ્યા; 'જ્ઞાયક' ના બીજડા આત્માના ઊંડાણમાં રોપાઈ ગયા.

પછી તે ગોવાળનો જીવ મરીને શેઠને ત્યાં અવતર્યો ને અગિયાર વર્ષની ઉમરે તો જિનચન્દ્રસ્વામી પાસે દીક્ષા લઈને મુનિ થયો...એ જ આપણા ભગવાન કુંદકુંદાચાર્યદેવ! (આટલી કથા ગતાંકમાં આવી ગઈ છે.)

એ નાનકડા કુંદકુંદમુનિરાજ આત્માના જ્ઞાન–ધ્યાનમાં મસ્ત રહેવા લાગ્યા. એમનું જ્ઞાન ખૂબ ખૂબ ખીલવા લાગ્યું...એમનું ચારિત્ર ઉજ્વળ બન્યું...ને જમીન ઉપર પગ મૂકયા વગર, જમીનથી ચાર આંગળ ઊંચે આકાશમાં ગમન કરી શકે એવી ઋદ્ધિ પણ તેમને પ્રગટી. એમનો પવિત્ર આત્મા અંદરમાં તો વિકારને અડતો ન હતો ને બહારમાં ધૂળને અડતો ન હતો. અપ્રમત્ત ને પ્રમત્ત–એવા ભેદભાવ વગરનો જે એક 'જ્ઞાયકભાવ' તેની ઉપાસનામાં તેઓ લયલીન બન્યા ને પ્રચૂર સ્વસંવેદન વડે આત્માના અતીન્દ્રિય આનંદને ખૂબ ખૂબ અનુભવવા લાગ્યા; સંસારસમુદ્રનો કિનારો તેમને એકદમ નજીક આવી ગયો.

આત્માના અનુભવ ઉપરાંત, મહાવીર ભગવાનની પરંપરાથી જે જ્ઞાન આવ્યું હતું તે જ્ઞાન પણ તેમણે મેળવી લીધું. તે વખતના હજારો મુનિઓમાં તેઓ મહાન બન્યા...ને એકવાર (માગશર વદ આઠમે) ચતુર્વિધ સંઘે ભેગા થઈને મોટા ઉત્સવપૂર્વક તેમને આચાર્યપદ ઉપર સ્થાપ્યા. જૈનશાસનનો રથ તેમને સોંપ્યો...તેઓ જૈનશાસનના નેતા બન્યા... તેમના પ્રતાપે જૈનધર્મની ખૂબ ખૂબ ઉન્નતિ થઈ, ધર્મની પ્રભાવના થઈ.

જો કે તેમને અગાધ જ્ઞાન હતું, તોપણ હજી કેવળજ્ઞાન ન હતું; તેમજ તે વખતે આ ભરતક્ષેત્રમાં કોઈ કેવળજ્ઞાની ન હતા. કેવળજ્ઞાનનો આવો વિરહ તેમને ક્યારેક ખટકતો હતો. અરે, અત્યારે સર્વજ્ઞ પરમાત્માના દર્શન

પણ નહીં! વિદેહક્ષેત્રમાં તો સીમંધર ભગવાન વગેરે તીર્થંકર ભગવાન બિરાજી રહ્યા છે.– એમ યાદ કરીને તેઓ 'પોન્નૂર' પાસે બેઠા બેઠા ધ્યાનમાં સીમંધર ભગવાનના સમવસરણનું ચિંતન કરતા હતાઃ 'ત્યાં સર્વજ્ઞદેવની વાણીના ધોધ છૂટતા હશે, ગણધરો બિરાજતા હશે! ઘણા મુનિવરો આત્મધ્યાન કરી કરીને કેવળજ્ઞાન પામતા હશે! અહા! કેવાં હશે એ દ્રશ્યો!'

અહીં કુંદકુંદમુનિરાજ સીમંધરનાથનું ધ્યાન ધરે છે, ત્યાં ભગવાનના સમવસરણમાં એની ખબર પડી. ત્યાંથી બે દેવો ભક્તિપૂર્વક કુંદકુંદસ્વામી પાસે આવ્યા. તેમની સાથે આકાશમાં વિચરતા વિચરતા કુંદકુંદસ્વામી વિદેહક્ષેત્રમાં સીમંધર ભગવાનના દર્શન કરવા માટે ચાલ્યા..અહા, ભરતક્ષેત્રના મુનિરાજ વિદેહક્ષેત્રના તીર્થંકરને ભેટવા આકાશમાર્ગે ચાલ્યા.. ભરતના મુનિરાજ દેહસહિત વિદેહની યાત્રા કરવા ચાલ્યા...કેવો અદ્ભુત પ્રસંગ! (પછી શું બન્યું? ........તે આવતા અંકમાં)

## સાકરના ભગવાન!

આ આસો સુદ પૂનમે ગુરુદેવે સ્વપ્નમાં એક ભગવાન દેખ્યા...ભગવાન તો ખરા પણ અદ્ભુત ને આશ્ચર્યકારી! અને વળી એ શેના બનેલા ખબર છે? સ્ફટિક જેવા ધોળા મજાના સાકરના અખંડ ગાંગડામાંથી કોતરેલા એ ભગવાન ખડ્ગાસન હતા. સાકરના ભગવાન એટલે જાણે મીઠા અમૃતરસથી ભરેલા, અતીન્દ્રિય આનંદથી ભરેલા; ને કારીગરી તો એવી કે જાણે શાશ્વતી રત્નની મૂર્તિ હોય! અહો, શરદપુનમના એ સ્વપ્નનો મીઠો સ્વાદ...એનો મધુર આહ્લાદ! ગુરુદેવ એ જિનપ્રતિમાના આનંદકારી દર્શનનું વર્ણન કરતાં ઉલ્લાસપૂર્વક કહે છે કે એ પ્રતિમાની અદ્ભુતતાનું વર્ણન હું વચનથી કહી શકતો નથી. આમ દિનરાત જિનગુણચિન્તનમાં મગ્ન ગુરુદેવ સ્વપ્નમાંય અવારનવાર જિનદેવને દેખે છે. સ્વપ્નમાં એ અમૃતસ્વાદમય સાકરના જિનપ્રતિમાનું દર્શન કોઈ મીઠા–મધુર પ્રભાવશાળી ફળની આગાહી સૂચવે છે. ગુરુદેવ આપણને પણ જિનમાર્ગના અમૃતનો મધુર સ્વાદ ચખાડો.

卐

# સર્વજ્ઞની સ્તુતિ એટલે આત્મસન્મુખતા

દેહની સ્તુતિ વડે આત્માની સ્તુતિ થતી નથી, કેમકે દેહ તે આત્મા નથી, તો તીર્થંકર કેવળીની ખરી સ્તુતિ કઈ રીતે થાય? એવા પ્રશ્નનો ઉત્તર આપતાં ૩૧ મી ગાથામાં આચાર્યદેવ અલૌકિક રહસ્ય સમજાવે છે કે આત્માના જ્ઞાનસ્વભાવની સન્મુખ થા તો સર્વજ્ઞની પરમાર્થસ્તુતિ થાય. એ સિવાય એકલા પરસન્મુખભાવથી (ભાવેન્દ્રિયથી કે દ્રવ્યેન્દ્રિયના અવલંબનથી) સર્વજ્ઞપરમાત્માની સાચી ઓળખાણ કે સ્તુતિ થતી નથી. એટલે જ્ઞાનસ્વભાવનું અવલંબન કરીને સ્વસન્મુખ થયો, ને રાગથી ભિન્ન પડીને અતીન્દ્રિયભાવ પ્રગટ કર્યો, તે ભાવવડે સર્વજ્ઞ પરમાત્માની સાચી સ્તુતિ થાય છે.

સ્તુતિ કરનાર અને જેની સ્તુતિ કરવાની છે તે, એ બંનેનો ભાવ એક જાતનો થાય ત્યારે સાચી સ્તુતિ થાય. ભગવાન જ્ઞાનસ્વરૂપ છે, તેમની સ્તુતિ જ્ઞાનવડે થાય, રાગવડે ન થાય; અંતર્મુખ જ્ઞાયકસ્વભાવના આશ્રયે જ્ઞાનભાવરૂપે પરિણમ્યો ત્યારે સર્વજ્ઞની સ્તુતિ થઈ; એટલે કે સમ્યગ્દર્શન તે સર્વજ્ઞની પહેલી સ્તુતિ છે. આ સ્તુતિમાં અંશે ઇન્દ્રિયાતીતપણું થયું છે તેથી જિતેન્દ્રિય છે. જ્ઞાનસ્વભાવની અધિકતાના અનુભવવડે આવી દશા પ્રગટ કરે ત્યારે સર્વજ્ઞપદનો સાધક થયો, ત્યારે સર્વજ્ઞનો સાચો ભક્ત થયો. આ સિવાય, સર્વજ્ઞની સ્તુતિ કર્યા કરે પણ પોતામાં સર્વજ્ઞ જેવા જ્ઞાનભાવનો અંશ પ્રગટ ન કરે તો તેને સર્વજ્ઞની સ્તુતિ કહેવાતી નથી. સર્વજ્ઞની સ્તુતિનું ફળ તો પોતામાં તેવો ભાવ અંશે પ્રગટ કરવો–તે છે. ને એવો ભાવ પ્રગટ કરીને જેણે સર્વજ્ઞની સ્તુતિ કરી તે પોતે અલ્પકાળે સર્વજ્ઞ થઈ જશે.

'નમઃ સમયસારાય' કહો, वंदितु सव्वसिद्धे' કહો, કે સર્વજ્ઞની સ્તુતિ કહો –ત્રણેનો ભાવ એક છે; તે ત્રણેમાં આત્માના જ્ઞાનસ્વભાવની સન્મુખ થવાનું આવે છે. આત્માના જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને જ્યાં દ્રવ્યકર્મ–ભાવકર્મ નોકર્મથી અત્યંત ભિન્ન શુદ્ધઆત્માને અનુભવમાં લીધો ત્યાં સમયસારને નમસ્કાર થયા, ત્યાં સિદ્ધને વંદન થયા, અને ત્યાં સર્વજ્ઞની પરમાર્થ સ્તુતિ થઈ. જ્યાં જ્ઞાનસ્વભાવની સન્મુખતા નથી ને રાગાદિમાં એકતા છે ત્યાં સમયસારને (એટલે શુદ્ધાત્માને) સાચા નમસ્કાર નથી, ત્યાં સિદ્ધને વંદન નથી, ત્યાં સર્વજ્ઞની સાચી ઓળખાણ કે સ્તુતિ નથી. ઇન્દ્રિયાતીત ભાવવડે અખંડ આત્માને પ્રતીતમાં લીધો ત્યાં દ્રવ્યકર્મ ભાવકર્મ કે નોકર્મમાં ક્યાંય અંશમાત્ર એકબુદ્ધિ ન રહી, તેનાથી અત્યંત ભિન્નતા થઈ. આવી દશાનું નામ સર્વજ્ઞની સ્તુતિ છે. આ સ્તુતિમાં પરસન્મુખતા નથી પણ આત્મસન્મુખતા છે.

(૩૧ મી ગાથાના પ્રવચનમાંથી)




## ગયા અંકના પ્રશ્નોના જવાબ

(૧) જંગલમાં એક મુનિરાજ બેઠા હતા; એક રાજા ત્યાં આવ્યો. વંદન કર્યા, અને પછી પૂછયું 'પ્રભો ? મોક્ષનો માર્ગ શું છે ?' મુનિ કાંઈ બોલ્યા નહિ પણ ત્રણ આંગળી બતાવી, તે ઉપરથી રાજા સમજી ગયો કે ત્રણ એટલે સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર એ ત્રણ રત્ન, તે મોક્ષમાર્ગ છે. અને મુનિ કાંઈ બોલ્યા નહિ તે એમ સૂચવે છે કે તે મોક્ષમાર્ગ વિકલ્પ વગરનો છે.–હવે તો રાજાની જેમ તમે પણ સમજી ગયા ને !

(૨) બાહુબલીકુમારના બાપુજીનું નામ ઋષભદેવ; ભગવાન ઋષભદેવને એકસોએક પુત્રો; સૌથી મોટા ભરત, ને સૌથી નાના બાહુબલી; એ બધાય મોક્ષમાં ગયા.

(૩) સિદ્ધનગરી અથવા મોક્ષનગરી એવી છે કે ત્યાં ગયા પછી કોઈ જીવ કદી પાછો આવતો નથી; અને છતાં ત્યાં જવાનું બધાને ગમે છે.

(૪) જેમ સમ્મેદશિખર તે તીર્થંકરોના મોક્ષનું શાશ્વત ધામ છે તેમ અયોધ્યાનગરી તે તીર્થંકરોના જન્મનું શાશ્વત ધામ છે, તેથી તે પણ આપણું મહાન તીર્થ છે. બંને તીર્થની નીચે (મૂળ ભૂમિમાં) શાશ્વતો રત્નનો સ્વસ્તિક છે. આદિનાથ, અજિતનાથ, અભિનંદન, સુમતિનાથ, ને અનંતનાથ–એ પાંચ તીર્થંકરો અયોધ્યામાં જન્મ્યા છે. તે ઉપરાંત ભરતચક્રવર્તી રામચંદ્રજી વગેરે ઘણા મહાપુરુષો અયોધ્યામાં થયા છે. તે તીર્થને અને તે મહાપુરુષોને નમસ્કાર.

### નવા પ્રશ્નો

(૧) કરનેવાલા કોઈકા નહીં,
દેખનેવાલા સબકા.
દેહમેં રહતા, દેહ નહીં.
દરિયા હૈ આનંદકા.
અઢી અક્ષરકા નામ હૈ,
પણ અનંતગુણકા ધામ હૈ.......એ કોણ ?

(૨) એક ભગવાન એવા
કે ભારે જોવા જેવા !
ચાર અક્ષરનું નામ છે,
યાત્રાનું એ ધામ છે.
એનો પહેલો અક્ષર આપણને બહુ ગમે;
છેલ્લા ત્રણ અક્ષરમાં એક મોટું શહેર વસે–એ કોણ ?

(૩) 'અનંત' માં જે વસે છે,
અનંતગુણનો પિંડ છે,
અયોધ્યામાં જન્મ્યા છે,
પાલેજમાં બિરાજે છે;
પાંચ અક્ષરનું નામ છે,
ને ચૌદ નંબરનો દેવ છે.......એ કોણ ?

(૪) આ વર્ષે ફાગણ સુદ ચૌદશે ગુરુદેવ
ક્યાં વિચરતા હશે ?

(બાલવિભાગના બધા સભ્યોએ જવાબ લખવા જોઈએ. જવાબ તા. **પાંચ** પહેલાં નીચેના સરનામે લખો: આત્મધર્મ બાલવિભાગ, **સોનગઢ.** (સૌરાષ્ટ્ર)

# બાલવિભાગના નવા સભ્યો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬૦૨ | રાજેશ ધીરજલાલ જૈન | જામનગર | ૧૬૨૮ | અશોકકુમાર જયસુખલાલ જૈન | મહુવા |
| ૧૬૦૩ | હસમુખરાય પોપટલાલ જૈન | મુંબઈ–૨૬ | ૧૬૨૯ | ભરતકુમાર મૂળજીભાઈ જૈન | મહુવા |
| ૧૬૦૪ | પ્રવીણચંદ્ર પોપટલાલ જૈન | મુંબઈ–૨૬ | ૧૬૩૦ | નલિનિબેન મૂળજીભાઈ જૈન | મહુવા |
| ૧૬૦૫ | યશવંત એસ. જૈન | ઝરીયા | ૧૬૩૧ | વિપુલકુમાર કનૈયાલાલ જૈન | મુંબઈ |
| ૧૬૦૬ | કલ્પના એન્ડ વિક્રમ એસ. જૈન | મુંબઈ–૨૮ | ૧૬૩૨ | લલિતચંદ્ર અગરવાલ જૈન | ઉદયપુર |
| ૧૬૦૭ | અરવિંદકુમાર કેશવલાલ જૈન | જંત્રાલ | ૧૬૩૩ | ચન્દ્રકલા અગરવાલ જૈન | ઉદયપુર |
| ૧૬૦૮ | સરોજબેન કે. જૈન | ” | ૧૬૩૪ | રમેશચંદ્ર અગરવાલ જૈન | ઉદયપુર |
| ૧૬૦૯ | ભોગીલાલ ફૂલચંદ જૈન | ફત્તેપુર | ૧૬૩૫ | અજિતકુમાર કેશવલાલ જૈન | ફત્તેપુર |
| ૧૬૧૦ | રતિલાલ મણિલાલ જૈન | ફત્તેપુર | ૧૬૩૬ | કૈલાસબેન કેશવલાલ જૈન | ફત્તેપુર |
| ૧૬૧૧ | ઉષાબેન કેશવલાલ જૈન | ફત્તેપુર | ૧૬૩૭ | શૈલેશકુમાર બાબુલાલ જૈન | ફત્તેપુર |
| ૧૬૧૨ | પુષ્પાબેન કેશવલાલ જૈન | રાજકોટ | ૧૬૩૮ | સ્મીતાબેન બાબુલાલ જૈન | ફત્તેપુર |
| ૧૬૧૩ | નયનકુમાર મૂળજીભાઈ જૈન | વીંછીયા | ૧૬૩૯ | યશોમતિબેન રમણિકલાલ જૈન | મુંબઈ–૪ |
| ૧૬૧૪ | હસમુખલાલ મૂળજીભાઈ જૈન | વીંછીયા | ૧૬૪૦ | વીણાબેન રમણિકલાલ જૈન | મુંબઈ–૪ |
| ૧૬૧૫ | નીલમબેન હસમુખરાય જૈન | સાવરકુંડલા | ૧૬૪૧ | કુંદનબેન રમણિકલાલ જૈન | મુંબઈ–૪ |
| ૧૬૧૬ | મુકેશકુમાર કનકરાય જૈન | એરીસા–અબાબા | ૧૬૪૨ | નયનાબેન રમણિકલાલ જૈન | મુંબઈ–૪ |
| ૧૬૧૭ | સુનીલકુમાર કનકરાય જૈન | ” | ૧૬૪૩ | રાજેન્દ્ર રમણિકલાલ જૈન | મુંબઈ–૪ |
| ૧૬૧૮ | મુનિશકુમાર હરકિશનદાસ જૈન | જામનગર | ૧૬૪૪ | हर्षलताबेन सुमतिलाल जैन | घोडनदी |
| ૧૬૧૯ | હિતેશકુમાર મહાસુખલાલ જૈન | મુંબઈ–૭૭ | ૧૬૪૫ | પ્રકાશકુમાર કાંતિલાલ જૈન | વઢવાણ |
| ૧૬૨૦ | નિર્મળકુમાર મહાસુખલાલ જૈન | મુંબઈ–૭૭ | ૧૬૪૬ | ઈલાબેન કેશવલાલ જૈન | જામનગર |
| ૧૬૨૧ | સુમતિપ્રકાશ નેમિચંદ જૈન | સોનગઢ | ૧૬૪૭ | અજયકુમાર રતિલાલ જૈન | રાજકોટ |
| ૧૬૨૨ | જ્યોતિન્દ્ર મણિલાલ જૈન | નરોડા | ૧૬૪૮ | અનિલકુમાર શાંતિલાલ જૈન | જામનગર |
| ૧૬૨૩ | નીરંજન ધરમચંદ જૈન | જમશેદપુર | ૧૬૪૯ | જ્યોતિબેન ભીમશીભાઈ જૈન | ભટીન્ડા |
| ૧૬૨૪ | અજિતકુમાર બી. જૈન | મુંબઈ–૪ | ૧૬૫૦ | હેમલતાબેન ભીમશીભાઈ જૈન | ભટીન્ડા |
| ૧૬૨૫ | પારસકુમાર બી. જૈન | મુંબઈ–૪ | ૧૬૫૧ | પલ્લવીબેન ભીમશીભાઈ જૈન | ભટીન્ડા |
| ૧૬૨૬ | કિરિટકુમાર મૂળજીભાઈ જૈન | મહુવા | | (બાકીના નામો આવતા અંકે) | |
| ૧૬૨૭ | વીણાબેન મૂળજીભાઈ જૈન | મહુવા | | | |




બંધુઓ બાલવિભાગના સર્વે સભ્યોને નવા વર્ષની મંગલ ભેટ તરીકે દીપાવલી અભિનંદન પુસ્તિકા’ મોકલી દીધી છે...તે મળી હશે ને આનંદથી સૌએ વાંચી હશે. પુસ્તિકા તો નાની છે પણ તેમાં જીવનચરિત્ર મહાવીર જેવા મોટા પુરુષનું છે. દીપાવલી પર્વનો ઇતિહાસ તથા તેનો મહિમા, અને મહાવીર ભગવાનના કેટલાય ભવનું જીવનચરિત્ર તેમાં બતાવ્યું છે. તેમાં ચિત્રો પણ હોવાથી તમને જરૂર ગમશે. તે વાંચીને તમે પણ મહાવીર પ્રભુ જેવા થવાની ભાવના કરજો. ( જે સભ્યને પુસ્તિકા ન મળી હોય તેણે સભ્ય નંબર અને પૂરા સરનામા સાથે તા. ૧ ડીસેમ્બર સુધીમાં લખવું. ( આત્મધર્મ બાલવિભાગ, સોનગઢ સૌ. )

-जय जिनेन्द्र

## ગતાંકના પ્રશ્નોના જવાબ મોકલનાર સભ્યોનાં નંબર

૩૧૮ ૨૧૫ ૮ ૧૫ ૩૯૩ ૧૩૦૭ ૯૦૧ ૪૪૯ ૧૬૬ ૩૦૦ ૧૩૦૯ ૮૦૯ ૧૫૮૮ ૩૯૨ ૪૧૩એ ૧૪૩ ૭૨૯ ૮૦૮ ૨૪૬ ૫ ૯૦૨ ૯૦૦ ૨૫૨ ૪૫ ૨૪ ૮૧૪ ૮૧૫ ૪૭૦ ૩૩૯ ૩૭૭ ૫૮૧ ૫૮૦ ૨૧૬ ૩૭૮ ૧૮૦ ૧૮ ૪૩ ૮૬૪ ૧ ૨ ૩ ૪ ૧૨ ૧૩૨૧ ૧૪૦ ૧૨૯ ૫૬૫ ૫૬૬ ૩૫૭ ૭૫૮ ૭૫૯ ૭૬૦ ૭૬૧ ૮૧૨ ૧૧૭૭ ૧૧૭૬ ૧૧૭૫ ૧૧૬૫ ૧૧૭૩ ૧૧૬૭ ૪૯ ૨૫૩ ૨૫૨ ૩૨૦ ૧૫૭૪ ૧૧૭ ૮૦ ૧૫૭૫ ૨૬૨ ૩૬૯ ૭૮૯ ૨૯૭ ૩૧ ૭૫૪ ૩૭૨ ૯૮૪ ૨૧૯ ૭૪૩ ૭૪૧ ૭૫૫ ૭૪૦ ૮૭ ૪૪૫ ૨૯૬ ૧૨૫૯ ૩૫૧ ૩૫૨ ૫૪૩ ૫૧૩ ૪૧૫ ૧૬૦૦ ૩૭૩ ૧૮૫ ૧૩૦ ૭૨૦ ૨૭૫ ૭૭ ૧૩૮ ૧૫૮૮ ૮૫૬ ૮૫૭ ૨૭૭ ૧૩૫ ૧૫૭૬ ૬૩૦ ૮૮ ૪૦ ૩૭૪ ૯

# મહા ભારતની વાત

પાંડવ અને કૌરવ વચ્ચે યુદ્ધના ભણકાર વાગ્યા...બંને પોતપોતાના પક્ષમાં રાજાઓની મદદ મેળવવા પ્રયત્ન કરવા લાગ્યા. કૌરવોને થયું કે આપણે શ્રીકૃષ્ણ મહારાજની મદદ લઈએ; પાંડવોને પણ એમ જ થયું; કૌરવો તરફથી દુર્યોધન ને પાંડવો તરફથી અર્જુન, એ બંને એકસાથે શ્રીકૃષ્ણ પાસે મદદ લેવા પહોંચ્યા. શ્રીકૃષ્ણ સૂતા હતા; દુર્યોધન તેમના મસ્તક સમીપ બેઠો, અર્જુન પગ પાસે બેઠો. જાગતાંવેંત શ્રીકૃષ્ણની દ્રષ્ટિ અર્જુન ઉપર પડી, ને તેને આવવાનું કારણ પૂછયું. ત્યારે દુર્યોધન કહે છે કે પહેલાં હું આવ્યો છું, માટે આપની મદદ માગવાનો પહેલાં મારો હક્ક! ત્યારે શ્રીકૃષ્ણ કહે છે કે મારી નજર તો અર્જુન ઉપર પહેલાં પડી હતી. છતાં તમે બંને માંગો–એક તરફ હું એકલો, ને બીજી તરફ મારું બધું લશ્કર તથા સાધનસામાગ્રી!–તેમાં પણ હું પોતે તો હથિયાર ઉપાડવાનો નથી.–તો તમે બંને પસંદગી કરી લ્યો.

દુર્યોધન કહે છે–મને સાધનસામગ્રી આપો; (મારે કૃષ્ણનું કામ નથી!)

અર્જુન કહે છે–મારે તો આપ કૃષ્ણ એક જ બસ છો; આપનો સાથ મળે પછી બીજી કોઈ સાધનસામગ્રીની મારે જરૂર નથી. જુઓ, દુર્યોધને તો સાધનસામગ્રી માંગી, ને અર્જુને કૃષ્ણની બુદ્ધિને પસંદ કરી; અંતે લડાઈ થઈ તેમાં દુર્યોધન હાર્યો ને અર્જુન જીત્યો. મહાભારતની વાત પૂરી થઈ.

આ દ્રષ્ટાંત ઉપરથી જ્ઞાની અને અજ્ઞાનીની વાત સમજાવતાં ગુરુદેવ કહે છે કે–

દુર્યોધન જેવો દુર્બુદ્ધિ અજ્ઞાની તો એકલી બાહ્યસામગ્રીને માંગે છે. પાંચ ઈન્દ્રિયો તથા અનેકવિધ સંકલ્પો–વિકલ્પો એવી જે વ્યવહારની સાધનસામગ્રી તેના વડે જ અજ્ઞાની મોક્ષને સાધવા માંગે છે, પણ શ્રીકૃષ્ણ જેવો બળવાન એવો જે એક આત્મસ્વભાવ તેને તે ભૂલી જાય છે; એટલે તે મોહને જીતી શકતો નથી પણ પરાશ્રિતભાવને લીધે હારી જાય છે.

અર્જુન જેવો વિવેકી જ્ઞાની તો કહે છે કે, શ્રીકૃષ્ણ જેવો સામર્થ્યવાન મારો જે એકત્વસ્વભાવ, તેનું એકનું જ અવલંબન મને બસ છે; અનંત શક્તિસંપન્ન ચૈતન્ય સ્વભાવનું અવલંબન છે તો બીજી કોઈ સાધનસામગ્રીની (વિકલ્પની કે સંયોગની) મદદની મારે જરૂર નથી. સ્વભાવના એકના જ અવલંબને મોહને જીતીને હું મારા નિજગુણનો વૈભવ પ્રાપ્ત કરીશ. તે સાધક સ્વાશ્રયભાવવડે મોક્ષને સાધે છે...વિજયવંત થાય છે.

વિવેકબુદ્ધિવડે અનંત શક્તિસંપન્ન એવા પોતાના એકત્વસ્વભાવનું અવલંબન કરવું, ને બાહ્ય સાધનસામગ્રીના અવલંબનની બુદ્ધિ છોડવી–એવો આ આધ્યાત્મિક મહાભારતનો સાર છે. (પ્રવચનમાંથી)

# રાજવાણી

**આ કારતક સુદ પૂર્ણિમાએ સૌરાષ્ટ્રના સંત શ્રીમદ્ રાજચંદ્રજીની એકસોમી જન્મજયંતિ છે, તેમના જન્મને ૧૦૦ મું વર્ષ બેસશે. તેને અનુલક્ષીને અહીં તેમના કેટલાક વચનામૃત આપીએ છીએ...તે જિજ્ઞાસુઓને આત્માર્થની પ્રેરણા આપશે.**

**-બ્ર. હ. જૈન**

- આત્મભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે...
- સુયોજક કૃત્ય કરવામાં દોરાવું હોય તો વિલંબ કરવાનો આજનો દિવસ નથી, કારણ કે આજ જેવો મંગળદાયક દિવસ બીજો નથી.
- આત્માને સત્યનો રંગ ચઢાવે તે સત્સંગ; મોક્ષનો માર્ગ બતાવે તે મૈત્રી.
- વર્તનમાં બાલક થાઓ; સત્યમાં યુવાન થાઓ; જ્ઞાનમાં વૃદ્ધ થાઓ.
- ‘ધર્મ’ એ વસ્તુ બહુ ગુપ્ત રહી છે. તે બાહ્ય-સંશોધનથી મળવાની નથી. અપૂર્વ અંતર્સંશોધનથી તે પ્રાપ્ત થાય છે; તે અંતર્સંશોધન કોઈક મહાભાગ્યવંત સદ્ગુરુ-અનુગ્રહે પામે છે.
- એક ભવના થોડા સુખ માટે અનંતભવનું અનંતદુઃખ નહીં વધારવાનો પ્રયત્ન સત્પુરુષો કરે છે.
- ઉદય આવેલાં કર્મોને ભોગવતાં નવાં કર્મ ન બંધાય તે માટે આત્માને સચેત રાખવો-એ સત્પુરુષોનો મહાન બોધ છે.
- મોક્ષના માર્ગ બે નથી. તે માર્ગમાં મતભેદ નથી, અસરળતા નથી, ઉન્મત્તતા નથી, ભેદાભેદ નથી, માન્યામાન્ય નથી. તે માર્ગ સરળ છે, તે સમાધિમાર્ગ છે, તથા તે સ્થિર માર્ગ છે, અને સ્વાભાવિક શાંતિસ્વરૂપ છે.
- મૈત્રી એટલે સર્વ જગતથી નિર્વૈરબુદ્ધિ.

  પ્રમોદ એટલે કોઈપણ આત્માના ગુણ જોઈ હર્ષ પામવો.

  કરુણા એટલે સંસારતાપથી દુઃખી આત્માના દુઃખની અનુકંપા પામવી.

  ઉપેક્ષા એટલે નિસ્પૃહભાવે જગતના પ્રતિબંધને વિસારી આત્મહિતમાં આવવું.

  -એ ભાવનાઓ કલ્યાણમય અને પાત્રતા આપનારી છે.

❀ શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે, મર્મ કહ્યો નથી. મર્મ તો સત્પુરુષના અંતરાત્મામાં રહ્યો છે.

❀ પરમાત્માને ધ્યાવવાથી પરમાત્મા થવાય છે. પણ તે ધ્યાવન આત્મા સત્પુરુષના ચરણકમળની વિનયોપાસના વિના પ્રાપ્ત કરી શક્તો નથી.

❀ શુભાશુભ કર્મના ઉદય સમયે હર્ષશોકમાં નહીં પડતાં ભોગવ્યે છૂટકો છે અને આ વસ્તુ તે મારી નથી એમ ગણી સમભાવની શ્રેણી વધારતા રહેશો. પૂર્વનાં અશુભકર્મ ઉદય આવ્યે વેદતાં જો શોચ કરો છો તો હવે એ પણ ધ્યાન રાખો કે નવાં બાંધતાં પરિણામે તેવાં તો બંધાતાં નથી ?

❀ આત્માને ઓળખવો હોય તો આત્માના પરિચયી થવું, પરવસ્તુના ત્યાગી થવું.

❀ પ્રશસ્તપુરુષની ભક્તિ કરો, તેનું સ્મરણ કરો, ગુણચિંતન કરો.

❀ દેહની જેટલી ચિંતા રાખે છે તેટલી નહીં પણ એથી અનંતગણી ચિન્તા આત્માની રાખ, કારણ અનંત ભવ એક ભવમાં ટાળવા છે.

❀ નિરૂપાયતા આગળ સહનશીલતા જ સુખદાયક છે.

❀ દેહધારીને વિટંબના એ તો એક ધર્મ છે. ત્યાં ખેદ કરીને આત્મવિસ્મરણ શું કરવું ?

❀ ઉદાસીનતા એ અધ્યાત્મની જનની છે.

❀ જેનું હૃદય શુદ્ધ, સંતની બતાવેલી વાટે ચાલે છે તેને ધન્ય છે.

❀ મોક્ષનો માર્ગ બહાર નથી, પણ આત્મામાં છે. માર્ગને પામેલો માર્ગ પમાડશે.


❀ નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો; સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું; સત્પુરુષોનાં ચરિત્રોનું સ્મરણ કરવું; સત્પુરુષોના લક્ષણનું ચિંતન કરવું.

❀ જે કાંઈ પ્રિય કરવા જેવું છે તે જીવે જાણ્યું નથી; અને બાકીનું કંઈ પ્રિય કરવા જેવું નથી.–આ અમારો નિશ્ચય છે.

[ શ્રીમદ્ રાજચંદ્રજીની શતાબ્દિ નિમિત્તે અહીં તેઓશ્રીનાં એકસો વચનામૃત આપવાની ભાવના હતી પરંતુ 'આત્મધર્મ' ની પૃષ્ઠ સંખ્યા મર્યાદિત હોવાથી થોડા વચનામૃત આપી શક્યા છીએ. આ વચનામૃત 'જન્મશતાબ્દિ–ગ્રંથમાળા' ના બીજા પુષ્પમાંથી લેવામાં આવ્યાં છે. ]

-जयजिनेन्द्र

# શ્રીમદ્ રાજચંદ્રજીની ભાવના



એકાકી વિચરતો વળી સ્મશાનમાં; વળી પર્વતમાં વાઘ-સિંહ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા, પરમમિત્રનો જાણે પામ્યા યોગ જો.

ઉપરની કડીમાં શ્રીમદ્ રાજચંદ્રજીએ મુનિદશાની ને ઉગ્ર આત્મધ્યાનની જે ભાવના ભાવી છે તેનું ભાવનાચિત્ર અહીં આપ્યું છે. આ કડી ઉપરના પ્રવચનમાં, સાથે સાથે પોતાની પણ ભાવનાને મલાવતાં પૂ. કાનજીસ્વામી કહે છે કે–

“ધન્ય તે નિર્ગ્રંથ સાધકદશા! જંગલમાં એકાકી એટલે કે સ્વરૂપસ્થિતિના ભાવમાં અસંગપણે વિચરતા, બાહ્ય ક્ષેત્રથી સ્મશાન, જંગલ, પહાડ, ગૂફા આદિ જ્યાં સિંહ-વાઘ પણ એકાકી વિચરતા હોય એવા ક્ષેત્રમાં એકાકી અસંગતામાં વિચરવું-તે મહા પવિત્ર દશાને ધન્ય છે. ધન્ય છે તેવા શાંત એકાંત ક્ષેત્રમાં એકત્વને સાધતા મુનિવરોને! કોઈ પર્વતની ગૂફામાં અથવા ટોચ ઉપર ચડી બેહદ આનંદઘન સ્વભાવની મસ્તીમાં લીન થઈ, જાગૃત જ્ઞાનદશાની એકાગ્રતા વડે કેવળજ્ઞાન નિધાનને પ્રગટ કરું; એકાંત નિર્જન સ્થાનમાં નગ્ન મહાન નિર્ગ્રંથ મુનિ થઈ સહજ સ્વરૂપમાં મગ્ન થઈ કેવળજ્ઞાન પ્રગટ કરું એવી પૂર્ણ પવિત્રદશા ક્યારે આવે? એ અહીં ભાવના છે.-આવી ભાવનાનો ઉત્સાહ સાધકને જ આવે છે.”




શ્રી જિનબિંબ–પ્રતિષ્ઠામહોત્સવ માટે તેમજ સમ્મેદશિખરજી તીર્થધામની યાત્રા માટે પૂ. ગુરુદેવના પ્રવાસની રૂપરેખા નીચે મુજબ વિચારવામાં આવી છે–

* સોનગઢથી કારતક વદ તેરસે અમદાવાદ ( ડીસેમ્બર તા. ૧૦ થી ૧૩ ), ત્યારપછી વડોદરા અને મીંયાગામ થઈને માગશર સુદ ૫ થી ૧૧ (તા. ૧૬ થી ૨૩) આઠ દિવસ પાલેજ, –ત્યાંના જિનમંદિરને દશ વર્ષ પૂરા થાય છે. પાલેજથી અમદાવાદ થઈને પુનઃ સોનગઢ–માગશર સુદ ૧૩.
* પોષ સુદમાં સોનગઢથી પ્રસ્થાન કરીને, મહા વદ દશમે જયપુર પહોંચશે. વચ્ચે જસદણમાં વેદીપ્રતિષ્ઠા (પોષ વદ પાંચમથી આઠમ ); મોટા આંકડિઆમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા ( પોષ વદ ૯ થી મહા સુદ એકમ ) હિંમતનગરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા ( મહા સુદ ૩ થી ૧૧ ); પછી આબુ રસ્તે થઈ સાયલા ( રાજસ્થાન ) માં વેદીપ્રતિષ્ઠા કરી, વચ્ચેના ગામો થઈને જયપુર મહા વદ દશમે પહોંચશે; ને ફાગણ સુદ બીજ સુધી બિરાજશે. ત્યાં વેદીપ્રતિષ્ઠા તથા પં. ટોડરમલ્લજી–સ્મારકભવનનું ઉદ્‌ઘાટન છે. ત્યારબાદ અલ્વર અને દિલ્હી ( ફાગણ સુદ ૪ થી ૭ ) થઈને, રસ્તાના ગામો થઈને ફાગણ સુદ તેરસે પરમ તીર્થધામ સમ્મેદશિખરજી ( મધુવન ) માં પહોંચશે; ને દશ વર્ષે ફરીને એ શાશ્વત તીર્થધામની ભક્તિભીની યાત્રા થશે.

---

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસઃ ભાવનગર